Year : 4 Issue No : 6 Date : 01-01-2019 Tuesday
Retail selling Price : Rs 100/- Annual Sub : 1200/-
Editor - Gagjibhai G. Sutariya

Place of Publication : Near Royal Heights, S. P. Ring Road,
Vaisnodevi Circle, Ahmedabad - 382481



સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

વર્ષ-૪ • અંક-૬ • ૧ જાન્યુઆરી, ૨૦૧૯ • કિંમત : ૧૦૦/-

એક વિચાર










# SUNHEARRT
## CERAMIK




BIG SLABS, GREAT ADVANTAGES.

**LARGE AND VERSATILE**
with large formats, less cuts are required

**INTEMPORAL**
contemporary ceramic tiles with timeless design

**RESISTANT**
withstands even more than stone or natural marbles

**EASY TO CLEAN AND MAINTAIN**
easy and quick to clean, keeping it's original look

**MODULARITY**
three different sizes create more possibilities

**SUSTAINABLE AND ECOLOGICAL**
clean ceramic, less waste.

**EASY TO INSTALL**
quick installation, less difficulties, faster results

**TECHNICAL SUPERIORITY**
experience combined with research and innovation

**SUNSHINE TILES CO P LTD**
**Corporate Office & Company Showroom:**
101, 102, 103, First Floor, Titanium One, Nr. Pakwan Cross Road, S.G. Highway, Ahemdabad
**T.:** +91-79-29704833,

**Toll Free:** 1800 233 1012 **E-mail:** info@sunhearrt.com **Visit:** www.sunhearrt.com

REGIONAL OFFICES **MUMBAI • DELHI • CHENNAI • INDORE • COCHIN • KOLKATA**

orbis™ *empowering next level*

elevators | escalators




**Passenger Elevator**
**Home Elevator**
**Hospital Elevator**
**Freight Elevator**
**Car Elevator**
**Escalator**
**Moving walk**

Follow us at

Orbis Elevator Co. Ltd
302 , Apollo Arcade, R.C Technical College Road,
Off. S.G Highway, Ghatlodiya,
Ahmedabad- 380 061, Gujarat, India

Tele Fax +91 79 277 74141 / 81 | +91 80009 68014
Toll free no 1800 233 1017

info@orbiselevator.com | **www.orbiselevator.com**

# સરદારધામના લક્ષ્યબિંદુઓ...

### ૧. સમાજનું વૈશ્વિક જોડાણ

- ગામથી લઈ વિશ્વ સુધી પાટીદાર સમાજનું સામાજિક, આર્થિક અને ભાતીગળ જોડાણ.

### ૨. પગદંડીથી મહામુકામ તરફ પ્રયાણ

- પ્રથમ ચરણમાં ૨૦૦૦ દીકરા-દીકરીઓ માટે સુવિધાપૂર્ણ અને છાત્રાલયની ઉત્તમ વ્યવસ્થા.
- સમાજનું મધ્યસ્થ કાર્યાલય તથા કારકિર્દી ઘડતર તાલીમ કેન્દ્ર આકાર લેશે.
- બીજા ચરણમાં પર્યાપ્ત જમીન મેળવીને ૮૦૦૦ દીકરા-દીકરીઓ માટે સુવિધાપૂર્ણ છાત્રાલયની ઉત્તમ વ્યવસ્થા ઊભી કરવી અને સમય સાથે જરૂરિયાત મુજબ નવા કેન્દ્રો ઊભાં કરવાં.

### ૩. સમાજસેતુ યોજના

- સરકારશ્રીમાં પ્રવૃત કે નિવૃત અધિકારીઓ તથા સમાજ શ્રેષ્ઠીઓના સહયોગથી વિવિધ સમસ્યાઓના નિવારણ માટે માર્ગદર્શન કેન્દ્ર.

### ૪. અતિથિ ભવન

- ભારતવર્ષમાંથી તેમજ વિદેશમાંથી આવતા પાટીદાર પરિવારના અતિથિઓ માટે રહેવા-જમવાની વ્યવસ્થા સાથે ઉત્તમ સુવિધાપૂર્ણ અતિથિ ભવન.

### ૫. ઉજ્જવળ ભવિષ્ય યોજના

- પર્યાપ્ત ફંડની વ્યવસ્થા પછી ઉચ્ચ અભ્યાસ અર્થે સમાજના જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓ માટે વગર વ્યાજની લોનની વ્યવસ્થા.
- વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દીના ઘડતર માટે યોગ્ય તાલીમ અને માર્ગદર્શન કેન્દ્ર ઊભું કરવું
- શિક્ષિત દીકરા-દીકરીઓને સરકારી, ખાનગી કે જાહેરક્ષેત્રે સન્માનપૂર્વક રોજગારી પ્રાપ્ત થાય તે માટેના પ્રયત્નો કરવા.

## સંસ્થાની હાલની પ્રવૃતિઓ

૧. શિક્ષણ સહાય નિધિ
૨. યુ.પી.એસ.સી. - જી.પી.એસ.સી. તાલીમ કેન્દ્ર
૩. મહેસૂલી માર્ગદર્શન કેન્દ્ર
૪. કાનૂની માર્ગદર્શન કેન્દ્ર
૫. યુવા તેજ-તેજસ્વિની સંગઠન
૬. સરદારધામ એક વિચાર - સામયિક



સૂચિત પ્લાન

સમસ્ત પાટીદારની એકતાનું ધામ
સરદારધામ
વિશ્વ પાટીદાર સમાજ
સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ

**તંત્રી**
ગગજી સુતરિયા

**એડીટોરીયલ**
ટીમ સરદારધામ

**પરામર્શક સમિતિ**
સ્વામી શ્રી સચ્ચિદાનંદજી
એચ. એસ. પટેલ (IAS, Retd.)
પદ્મશ્રી મથુરભાઈ સવાણી
જય વસાવડા
ટી.જી. ઝાલાવાડિયા
પારસભાઈ પટેલ
ડૉ. પ્રભુદાસ પટેલ
ડૉ. રૂપલ એ. પટેલ
જીનાબેન એચ. પટેલ

**સહતંત્રી**
ડૉ. જાગૃતિ જે. પટેલ

**સંપાદક**
કૃષ્ણકાંત જે. પટેલ

**ડિઝાઇન**
પ્રવેગ કોમ્યુનિકેશન્સ લિ.

**સંકલન**
કિન્તુ ગઢવી

જાહેર ખબર વિભાગ :
૯૭૧૨૯ ૫૨૩૫૮

**નોંધ**
આ માસિકમાં છપાતા લેખ, જાહેરાત અને માહિતી જે તે લેખક કે કંપનીના છે તેની સાથે તંત્રી કે સંસ્થા સહમત છે તેવું માનવું નહીં. સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન. ન્યાયતંત્ર અમદાવાદ

**મુખ્ય કાર્યાલય**
**સરદારધામ**
ઑફિસ : સરદારધામ, રોયલ હાઈટ્સ પાસે, એસ. પી. રીંગ રોડ, વૈષ્ણોદેવી સર્કલ, અમદાવાદ–૩૮૨૪૨૧
ફોન : ૭૫૭૫૦૦૧૫૪૮/૯૬/૯૭, ૭૫૭૫૦૦૧૪૨૮/૩૮
ઇ–મેલ: info. sardardham@gmail.com
વેબસાઇટ : www.sardardham.org
ટ્રસ્ટ રજી. નં. ઈ/૨૦૯૨૪/અમદાવાદ

Printed, Published by **GAGJIBHAI G. Sutariya** on behalf of **SARDARDHAM** and Printed at Krishna Graphics and Printers, B/4, Anand mangal Complex, Opp. Omkar House Swastik Char Rasta, Navrangpura, Ahmedabad-380009 and **Published from** Near Royal Heights, S.P. Ring Road, Vaishnodevi Circle, Ahmedabad-382481
**Editor-GAGJIBHAI G. Sutariya**

# તંત્રીલેખ

મારા વ્હાલા બંધુ - ભગિનીઓ,

સમય ખૂબ જ કિંમતી છે. સમય મોંઘો પણ છે. સમસ્ત દુનિયાની સંપત્તિ ભેગી કરવામાં આવે તો પણ ગયેલો સમય પાછો લાવી શકાતો નથી. સરદારધામ પણ આ સુવર્ણ સમયનું જ એક સરવૈયું છે. કોઈ મને પૂછે  કે સરદારધામ એટલે શું ?  તો કદાચ જવાબમાં એટલું જ કહું કે ‘સમાજના પ્રત્યેક વ્યક્તિના સમયદાન અને અર્થદાનમાંથી બનેલી કર્મક્ષેત્રની ભવ્ય ઈમારત’. ઈમારત માટે ‘ભવ્ય’ શબ્દ એટલે વાપરું છું કારણ કે તેની એક એક ઈંટમાં અને કાંકરામાં દોઢ કરોડ પાટીદારોના લોહી અને પરસેવાના પૈસા છે. કોઈએ વિદેશમાં રાત-દિવસ એક કરીને કમાણી કરીને અનુદાન કર્યા છે તો વળી કોઈએ હીરાના કારખાનાઓમાં ગરમી-ઠંડીની પરવાહ કર્યા વગર મહેનતથી મેળવ્યા છે તો વળી કોઈએ ખુલ્લા ખેતરોમાં બળદોને જોડીને સૂર્યની સાખે પોતાની પછેડીની ગાંઠમાં વાળીને અમને દાનમાં આપ્યા છે. આ બધાંના ખુલ્લા વિચારોનું સરવૈયું એ સરદારધામ છે. સમગ્ર સમાજનો અમારા પરનો ભરોસો એ આ શિક્ષણ મંદિરનો મુખ્ય પાયો છે. શિયાળાની મોસમ જામી છે સાથે સરદારધામના આવનારા ‘ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૦’ માટે સૌ કોર ટીમના મિત્રોએ ફરી બાથ ભીડીને પોતાના કાંડા કસી લીધા છે ત્યારે હવે માત્ર એક જ વર્ષમાં પાટનગરના પટમાં ફરી એ જ ઉન્માદ અને ઉત્સાહના તરંગો ફેલાવતા આપણે એકત્રિત થવા જઈ રહ્યા છીએ. આપ સૌના શરીર અને મનમાં શિયાળાની ગુલાબી ઠંડી ઉત્સાહ અને ઉમંગનો પ્રસાર કરે તેવી અભ્યર્થના સહ...જય સરદાર જય હિંદ...

આપનો કલ્યાણ મિત્ર,
**ગગજી સુતરિયા**

છુટક અંકની કિંમત : રૂ. ૧૦૦/-
વાર્ષિક લવાજમ : રૂ. ૧,૨૦૦/-
વિદેશ : ૭૦ ડોલર
આજીવન સભ્ય (૧૦ વર્ષ) રૂ. ૧૦,૦૦૦/-

**લવાજમ અહીં સ્વીકારવામાં આવે છે**
**સરદારધામ**
રોયલ હાઈટ્સ પાસે, એસ. પી. રીંગ રોડ, વૈષ્ણોદેવી સર્કલ, અમદાવાદ–૩૮૨૪૨૧
સંપર્ક : ૯૭૧૨૯ ૫૨૩૫૮

# અનુક્રમણિકા


રક્ષણ કરવાવાળો હું નહીં પણ રામ છે — રાજમોહન ગાંધી — ૭

ભારતમાં લગ્ન વ્યવસ્થા — સ્વામી સચ્ચિદાનંદ — ૧૧

GPBS - 2020 માટે આગોતરૂં આમંત્રણ — ટીમ સરદારધામ — ૧૫

લોકોપયોગી માર્ગદર્શન — એચ. એસ. પટેલ — ૨૦

મને ગમે મારું ગામ: થોરીયાળી — પરસાત્તમભાઈ કમાણી — ૨૩

સંપત્તિ અને સત્તા એ ભારતીય પ્રજાના આદર્શો હતા જ નહિ — સ્વામી વિવેકાનંદ — ૨૬

આપણે અદ્‌ભુત સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ — નારાયણ મૂર્તિ — 30

શિયાળામાં જ સમજાય છે હૂંફનું મહત્ત્વ — પદ્મશ્રી ગુણવંત શાહ — ૩૫

ગમે તે રીતે... નાણાં ફરવા જોઈએ — સુધા મૂર્તિ — ૩૮

શાળાનું પરિણામ કે જીવનનું પરિણામ....શું સાચું — જય વસાવડા — ૪૧

ઈશ્વર: મનુષ્યનું અંતિમ અને પ્રથમ રહસ્ય — ચંદ્રકાંત બક્ષી — ૪૬

સૂર લહેરીથી સેહત સુધી — વૃંદા મનજીત — ૫૧



## ટીમ સરદારધામ

| | |
|---|---|
| ઉપપ્રમુખ | શ્રી નટુભાઈ એમ. પટેલ |
| ઉપપ્રમુખ | શ્રી કાંતિભાઈ એલ. ગઢિયા |
| ઉપપ્રમુખ | શ્રી કાંતિભાઈ એન. પટેલ (રામ) |
| ઉપપ્રમુખ | શ્રી દીયાળભાઈ કે. વાઘાણી |
| ઉપપ્રમુખ | શ્રી પારૂલભાઈ એલ. કાકડિયા |
| ઉપપ્રમુખ | શ્રી સુરેશભાઈ ડી. પટેલ |
| મહામંત્રી | શ્રી જશવંતભાઈ એ. પટેલ |
| મંત્રી, બાંધકામ | શ્રી સંજયભાઈ કે. સાવલિયા |
| મંત્રી, ઔદ્યોગિક સંકલન | શ્રી શરદભાઈ જી. પટેલ |
| મંત્રી, ઔદ્યોગિક સંકલન | શ્રી જે. ડી. પટેલ |
| મંત્રી, શિક્ષણ અને સંકલન | શ્રી આનંદભાઈ અનિલભાઈ પટેલ |
| મંત્રી, સામાજિક સંકલન | શ્રી કે. આઈ. પટેલ |
| ચેરમેન, લેન્ડ કમિટી | શ્રી અજયભાઈ ડી. શ્રીધર |
| મંત્રી, નાણાં | શ્રી જગદીશભાઈ વી. ભુવા |
| મંત્રી, ફાઇનાન્સ અને લીગલ | શ્રી વી. વી. પટેલ (સી.એ.) |
| સંયોજક | શ્રી પ્રકાશભાઈ પી. વરમોરા |
| મંત્રી, આયોજન | શ્રી કમલેશભાઈ સી. પટેલ |
| માર્ગદર્શક | શ્રી ટી. જી. ઝાલાવાડિયા |
| સી. ઈ. ઓ. | શ્રી એચ. એસ. પટેલ (IAS, Retd.) |
| મંત્રી, સંગઠન | શ્રી ભૂપેન્દ્રભાઈ આર. પટેલ |
| પ્રૉજેક્ટ ચેરમેન | શ્રી એમ. બી. ભાલાલા |
| પ્રૉજેક્ટ ઈન્ચાર્જ | શ્રી રામભાઈ એમ. શેલડિયા |
| સ્ટેચ્યુટરી ઓડિટર | શ્રી બી. કે. પટેલ (સી.એ.) |
| પ્રમુખ સેવક | ગગજી સુતરિયા |

# રક્ષણ કરવાવાળો હું નહીં પણ રામ છે

રાજમોહન ગાંધી
જાણીતા રાજનીતિજ્ઞ અને ગાંધીજીના પૌત્ર

બારડોલીના ખેડૂતોએ આપેલો ખિતાબ અપનાવીએ ગાંધીજીએ એક પત્રમાં લખ્યું: ''અનેક સારી લડત ચલાવવા માટે 'સરદાર' જુગજુગ જીવો. બારડોલીની લડત સુંદર રીતે ચાલી રહી છે,'' બંને વચ્ચે નક્કી થયું હતું કે ગાંધીજી બારડોલીથી વેગળા રહે, ગાંધીજીની હાજરીથી આ લડત સ્વરાજ માટેની વધારે વિશાળ લડત બની જાય. ગાંધીજી કે વલ્લભભાઈ આવી લડત માટે તૈયાર ન હતા. મહાદેવભાઈએ નોંધ્યું છે તેમ અનેક પેઢીઓની ખેડૂતનું લોહી ધરાવનાર વલ્લભભાઈ બારડોલીની જનતાને સંગઠિત કરી શકે તે રીતે ગાંધીજી કરી શકે નહીં, તેવું બંને જાણતા હતા. વલ્લભભાઈ તળપદી ભાષા બોલતા હતા અને સત્યાગ્રહમાં મુખ્ય ભાગ ભજવનાર કોમના હતા. વળી તેમણે મંજૂર કરેલી કેટલીક પદ્ધતિઓ ગાંધીજી ચલાવી લે તેમ ન હતું.

વલ્લભભાઈના સત્યાગ્રહમાં શુદ્ધતા ઓછી હોવા છતાં તે વધારે વ્યવહારુ હતો. કેટલાંક ગામોમાં લડતનો દ્રોહ કરનાર લોકોનો બહિષ્કાર થઈ રહ્યો છે, તેવા ખબર મળ્યા ત્યારે ગાંધીજીએ નવજીવનમાં લખ્યું કે ''બહિષ્કારના બધા પ્રકાર વાજબી નથી. બહિષ્કૃત માણસ માંદો હોય ત્યારે તેની સેવા ન કરવી, તેના માટે દાક્તરને આવવા દેવો નહીં, અવસાન થાય તો સ્મશાનયાત્રામાં જવું નહીં, તેને કૂવા અથવા મંદિરે જતો અટકાવવો - આ બધા બહિષ્કારમાં હિંસા રહેલી છે.'' વલ્લભભાઈ આવા બધા બહિષ્કારને ટેકો આપતા નહીં પ્રાયશ્ચિત્ત માટે પૈસા કઢાવવાનો તેમણે વિરોધ કર્યો હતો, તે આપણે જોઈ ગયા છીએ. છતાં તેમણે આ બાબતમાં વધારે છૂટછાટ આપી. નવજીવનમાં ગાંધીજીના લેખનો ઈશારો એ હતો કે ખોટા પ્રકારના બહિષ્કારથી અંતે લડતને નુકસાન



થવાનો સંભવ છે. છતાં વલ્લભભાઈનાં પ્રવચનો અગર કાર્યો સામે તેમણે જરા પણ અણગમો દર્શાવ્યો નહી. આવી ટીકાથી બારડોલીના સરદારનો પ્રભાવ ઝંખવાયો હોત. ગાંધીજીની સલાહ સૈદ્ધાંતિક રૂપમાં હતી અને તેનો અમલ કેવી રીતે કરવો તે વલ્લભભાઈએ ઠરાવવાનું હતું.

ઉપલી પ્રતમાં મુકાયેલાં ૩૨માંથી ૨૨ ગામોને સરકારે ફરી પાછા નીચલી પ્રતમાં મૂક્યાં તે સરદારનો પહેલો વિજય ગણાયો. આ ગામના લોકોએ ૨૨ ટકા મહેસૂલ - વધારો આપવાનો હતો, પણ ઊંચા પ્રત અનુસાર આપવાનો રહ્યો નહી. એપ્રિલની આખરમાં જિલ્લાનો કલેક્ટર હાર્ટશોર્ન બારડોલી બારડોલી આવીને "ગામ લોકોને ત્રાસ આપવા માટે પઠાણોના ઉપયોગ" ને વખોડી કાઢ્યો. ટીકાઓના દબાણને કારણે સરકારે પઠાણોને પાછા બોલાવી લીધા, પણ સરકારે આબરૂ તો ગુમાવી.

જમીન ન હોય અને મહેસૂલ આપવાનું ન હોય તેવા દરજી કે ધોબીની ભેંસો પણ જપ્તી લેવાતી. કેટલીક વખત જપ્ત થયેલી ભેંસો ભૂખે-તરસે મરી જતી. ઢોરને જપ્તીમાંથી બચાવી લેવા માટે કેટલાક લોકો પોતાનાં ઢોર બાજુના વડોદરા રાજ્યના ગામોમાં મૂકી આવ્યા. ઘણા લોકોએ ઢોરને ઘરમાં પૂરવા માંડ્યા. આ કારણે ઢોર નબળાં પડ્યાં અને નિસ્તેજ થઈ ગયા.

**વલ્લભભાઈના સત્યાગ્રહમાં શુદ્ધતા ઓછી હોવા છતાં તે વધારે વ્યવહારુ હતો. કેટલાંક ગામોમાં લડતનો દ્રોહ કરનાર લોકોનો બહિષ્કાર થઈ રહ્યો છે, તેવા ખબર મળ્યા ત્યારે ગાંધીજીએ નવજીવનમાં લખ્યું કે "બહિષ્કારના બધા પ્રકાર વાજબી નથી. બહિષ્કૃત માણસ માંદો હોય ત્યારે તેની સેવા ન કરવી, તેના માટે દાક્તરને આવવા દેવો નહીં, અવસાન થાય તો સ્મશાનયાત્રામાં જવું નહીં, તેને કૂવા અથવા મંદિરે જતો અટકાવવો - આ બધા બહિષ્કારમાં હિંસા રહેલી છે."**

આવ્યો ત્યારે આ છૂટ મેળવી લેનાર એકતાનાં દર્શન થયાં. એક પણ દુકાન ખુલ્લી ન હતી અને કોઈ ટૅક્સીવાળો ભાડે આવવા તૈયાર ન હતો. બે ટૅક્સીવાળાનાં લાઈસન્સ તાબડતોડ રદ કરવામાં આવ્યાં. પણ કલેક્ટરે ચાલતા સરભોણ જવું પડ્યું. ઢોલ વગાડનાર છોકરાઓએ કલેક્ટર આવી રહ્યાની ચેતવણી આપી અને તમામ બારણાં તાબડતોડ વાસી દેવામાં આવ્યાં. ગામના મુખીએ હાર્ટશોર્નને જણાવ્યું કે પોતે અથવા ગામનો કોઈ પણ માણસ મહેસૂલ ભરવાનો નથી.

સરકારે વળતો ફટકો માર્યો. મામલતદારની બદલી કરવામાં આવી. જપ્તી માટે ત્રણ ખાસ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી અને આ અધિકારીઓને મદદ કરવા માટે મુંબઈથી ૪૦ અભણ પઠાણો આણવામાં આવ્યા. સ્થાનિક તલાટીઓ કરતાં પઠાણો ભેંસો અને મિલકત - જપ્તી માટે વધારે તૈયાર હતા. જપ્તી કરતાં પણ તેમનાં કદાવર શરીર, તેમની કરડાકી અને તેમની વિચિત્ર રીતભાતથી લોકો વધારે ત્રાસી ગયા. એક પઠાણ ચોરી કરતાં પકડાયો, એક પઠાણે સત્યાગ્રહી પર હુમલો કર્યો, ત્રીજાએ બીભત્સ ચેનચાળા કર્યાના આક્ષેપ થયા. પઠાણોની વિરુદ્ધમાં માત્ર મુસલમાન લોકો જ ફરિયાદ નોંધાવે તેવી તકેદારી વલ્લભભાઈએ રાખી ન હોત તો આમાંથી હિંદુ-મુસલમાન હુલ્લડ ફાટી નીકળ્યાં હોત. મેની આખરમાં શૌકત અલીએ "ખેડૂતોને પોતાના ઢોર પેટના છોકરાં જેટલા વહાલાં હોય છે" તેવું જાણનાર વલ્લભભાઈએ લોકોને હસી કાઢતાં શિખવાડ્યું. ઘરમાં પુરાવાને કારણે ફિક્કી પડી ગયેલી ભેંસોને તેમણે "મડમડી" કહેવાનું શરૂ કર્યું. અને ભેંસો જપ્ત કરવા મંડી પડેલા અમલદારને ભેંસ - ખાઉ વાઘ કહ્યો. આ અમલદાર ધોમ તડકામાં પણ ભેંસોની પાછળ દોડાદોડ કરતો.

સરકારની કારી ફાવી નહી. દરિયાકાંઠે વૅકેશન ગાળવા ગયેલા ઉત્તર વિભાગના કમિશન સ્માર્ટને પાછા ફરીને સુરત મુકામે સ્થિર થવાનો આદેશ આપવામાં આવ્યો. ટૅક્સી, ગાડા કે ઘોડાગાડીવાળાને સરકારી અધિકારીઓને ન બસાડવા માટે સમજાવનારની અટકાયત કરવામાં આવશે તેવી જાહેરાત થઈ. રસ્તા પર કે ચોકમાં ઢોલ વગાડવો તે ગુનો હોવાનું કહેવામાં આવ્યું. પોલીસ જબરદસ્તીથી તેનું ગાડું લઈ શકે નહી તેવું ગાડાવાળાને સમજાવવા માટે રવિશંકર મહારાજને પાંચ મહિના અને દસ દિવસની સખત મજૂરી સાથે સજા થઈ. વલ્લભભાઈએ પડકાર ફેંક્યો.

હજારો બારૈયાઓને સુધારનાર રવિશંકર મહારાજને પકડી લેવાથી મારી પાંખ કપાઈ જશે, તેવુ સરકાર માનતી હશે...સરકાર પાંખ કાપી શકે છે....પણ હું ખાતરી આપું છું. ચોમાસામાં ઘાસ ઊગી નીકળે છે તેમ મને નવી નવી પાંખો

ફૂટતી રહેશે.

૧૨મી ફેબ્રુઆરીના ઠરાવ પછી વલ્લભભાઈની પહેલી સભા થઈ હતી, તે વાંકાનેર ગામના ૧૯ લોકોની ધરપકડ કરવામાં આવી. નાયબ કલેક્ટરનો સરસામાન લઈ જનાર ત્રણ

ગાંડાઓ આંતરવાનો આરોપ મૂકવામાં આવ્યો. ઓળખ અને પુરાવાના અભાવે આમાંથી ૮ છૂટી ગયા. પણ ૧૧ જણને છ મહિનાની સખત મજૂરી અને એક મહિનોસાદી કેદની સજા થઈ. મે મહિનાની સખત ગરમી અને સરકારના ઉશ્કેરણીભર્યા પગલાંથી પરિસ્થિતિ સ્ફોટક બની ગઈ. પણ જોરતલબી વાપરવા માટે સરકારને કોઈ બહાનું મળે નહીં તે માટે વલ્લભભાઈ સાવધ હતા. તેમણે લોકોને સમજાવ્યું કે "તમે હથોડા છો" અને સરકાર "ધગી ગયેલું ગરમ લોખંડ" છે. હથોડો ઠંડો રહે તો ગરમ લોઢું ટીપીને ધાર્યો ઘાટ ઘડી શકાય છે. "અત્યારે સરકાર મારા માટે અપમાનભરી ભાષા વાપરે તેની દરકાર હું કરવાનો નથી અને તમારે પણ અપમાન ગળી જતાં શીખવું પડશે. વહાલામાં વહાલી વસ્તુ તમારી પાસેથી લઈ લેવામાં આવેલા છતાં તમે શાંત રહેજો." તેમની આજ્ઞાનું પાલન થયું. જપ્તી લેવાયેલી મિલકત ખરીદવી નહીં તેવો તેમનો હુકમ પણ પાળવામાં આવ્યો. છુટાછવાયા કિસ્સાઓ બાદ કરીએ તો જપ્ત થયેલી ભેંસો, ગાડાં, ટેબલ, હીંચકા, તાલુકાના કોઈ રહેવાસીએ ખરીદ્યાં નહીં. જપ્ત થયેલી જમીન ખરીદવા માટે બહારથી આવેલા લોકોને ચોખ્ખા શબ્દોમાં જણાવવામાં આવ્યું કે આ જમીન પર કોઈ કામ કરી શકાશે નહીં. માત્ર "કહેવા ખાતર જમીન ખરીદ કરવી હોય તો ખરીદજો."

વાણિયાઓ, મુસલમાનો, પારસીઓ અને આદિવાસીઓ પણ પાટીદારોને પડખે ઊભા રહ્યા. મહેસૂલ - વધારા સામેના વ્યાપક પણ વેરવિખેર અણગમાને સંગઠિત કરીને વલ્લભભાઈએ વિરોધની મજબૂત ભીત ચણી લીધી હતી. ઝીણી ઝીણી બાબતો પણ વલ્લભભાઈ ઠરાવતા. મહેસૂલ ભરી આપનાર પારસીની હજામત માણેકપુરનો હજામ કરી શકે ખરો ? સરદારે તે માટે મંજૂરી આપી. જમીન અને દારૂનું પીઠું ધરાવનાર દોરાબજી નામના વાલોડના પારસી સત્યાગ્રહમાં જોડાયા હતા. પણ જપ્તી ટાળવા માટે દુકાન બંધ રાખવાનું તેમના માટે શક્ય ન હતું. કારણ કે લાઈસન્સ પ્રમાણે તેમણે દુકાન ઉઘાડી રાખવી પડે તેમ હતું. દોરાબજી પાસેથી રૂ. ૨૪૩/- વસૂલ કરવા માટે તેમની દુકાનમાંથી રૂ. ૨૦૦૦/-નો દારૂ જપ્ત કરીને લગભગ રૂપિયા ૯૮માં વાલોડના બીજા પારસી કૅન્ટીનવાળાને વેચી દેવામાં આવ્યો. જપ્ત થયેલો માલ તાલુકાના રહેવાસીએ ખરીદ્યાના અપવાદરૂપ કિસ્સાઓમાં આ બનાવનો સમાવેશ થાય છે. રૂ. ૧૪૪ અને થોડા આનાની બાકી રહેલી



રકમ વસૂલ કરવા માટે દોરાબજીની ૩૦,૦૦૦/- રૂપિયાની જમીન જપ્ત કરી લેવામાં આવી. પણ પીઠાના માલિક તરીકે દોરાબજી અને તેમનાં સાસુ નવાઝબાઈ મક્કમ રહ્યાં.

જમીન જપ્ત થઈ અને દીકરાઓની ધરપકડ કરવામાં આવી,

છતાં વાણિયાઓએ નમતું મૂક્યું નહીં. આદિવાસીઓએ પણ હિંમત દાખવી. આ હિંમતના પ્રતાપે "પગ ટેકવવા ઠૂંઠું કે ડાળી ન હોય છતાં આદિવાસીઓ તાડ અને નાળિયેરના ઝાડ પર ચડી જતા અને આકાશ સુધી તીર ફેંકતા હતા," તેવું કહીને વલ્લભભાઈએ તેમને બિરદાવ્યા. અબ્બાસ તૈયબજી અને ઈમામસાહેબની જહેમતને કારણે ઘણા મુસલમાનોએ સત્યાગ્રહના પ્રતિજ્ઞાપત્ર ભર્યા હતા. જપ્ત થયેલી મિલકતની ખરીદી સામે કેટલાક મૌલાનાઓએ ફતવા કાઢીને તેમનો નિર્ધાર પાકો કર્યો અને તેમણે પણ સહનશક્તિ દાખવી. બારડોલીના ઈબ્રાહીમ પટેલની "હજારો રૂપિયાની જમીન જપ્ત થયાની જાહેરાત થઈ ત્યારે તેમનું રૂંવાડું પણ થડક્યું નહીં."

પણ સૌથી વધારે નવાઈ તો બારડોલીની સ્ત્રીઓએ દાખવેલો જુસ્સો હતી. ફેબ્રુઆરીમાં વાંકાનેરમાં મળેલી પહેલી સભામાં વલ્લભભાઈએ સ્ત્રીઓના સહકારની માગણી કરી હતી, તે આપણે જોઈ ગયા છીએ. જરા પણ સંકોચ વગર સ્ત્રીઓએ ટેકો આપ્યો અને વલ્લભભાઈની સભામાં પુરુષો કરતાં સ્ત્રીઓની હાજરી વધારે થવા લાગી. સરકારે દાખવેલા વલણના વિરોધમાં મુંબઈની ધારાસભામાંથી રાજીનામું આપનાર કનૈયાલાલ મુનશીએ નોંધ્યું છે તેમ સ્ત્રીઓ વલ્લભભાઈનો "સ્વયંભૂ સત્કાર કરતી", "તેમના કપાળમાં વિજયતિલક કરતી", "પોતાની કાળી મજૂરીના રૂપિયા - બે રૂપિયા તેમના ચરણે ધરતી અને નમાલી સરકારનાં દુષ્કૃત્યોનાં ગીત પોતાની ગામઠી હલકથી ગાયા કરતી." મહાદેવભાઈએ બે શબ્દચિત્રો દોર્યાં છે. ૭૫ વરસનાં વૃદ્ધ પેન્શનદારના ઘરની બાજુમાં હથિયારબંધ પોલીસો, સર્કલ ઈન્સપેક્ટર અને બે પઠાણનું થાણું હતું. ઘર ઊઘડે અને હાથમાં કંઈ પણ મિલકત આવે તે ઝડપી લેવા તેઓ ટાંપીને બેઠા હતા. આ ઘેરાવની ખબર પડી ત્યારે વલ્લભભાઈ તેના ઘર પાસે પહોંચ્યા. ડોસાનાં વહુ હાથમાં માળા લઈને ઉપલા માળની બારીએ ઊભાં હતાં.

વલ્લભભાઈએ રસ્તામાંથી કહ્યું, "માજી ગભરાતાં નથી ને ?" બાઈએ જવાબ વાળ્યો, "અમારું રક્ષણ કરવા તમે બેઠા હો પછી અમારે ગભરાવાનું શું હોય ?" વલ્લભભાઈએ ભૂલ સુધારી "રક્ષણ કરવાવાળો હું નહીં પણ રામ છે." માજીએ કબૂલ કર્યું "હાસ્તો રામજી દયાળુ છે." વલ્લભભાઈના સાથીએ પૂછ્યું કે "ઘરને આંગણે પઠાણ અને પોલીસો બેઠા છે, તે ગમે છે ખરું ?" માજીએ જવાબ આપ્યો, "પણ આ બધા ન હોત તો સરદાર મારે આંગણે ક્યાંથી આવ્યા હોત ?"

જપ્તી-અમલદાર સામે બારણું અફાળીને તેને ઈજા પહોંચાડવાનો આોપ નાની ફરોદ ગામના ભવાનભાઈ હીરુભાઈ પટેલ પર મૂકવામાં આવ્યો હતો. ઘરનું બારણું તેમનાં પત્નીએ બંધ કર્યું હતું. ભવાનભાઈ તો તે વખતે ઘરમાં હાજર પણ ન હતા. છતાં પોલીસે તેમનાં પત્ની પર નહીં, પણ ભવાનભાઈ પર આરોપ મૂક્યો. ખટલો ચાલ્યો તે પહેલાં બાઈ ધણીને લઈને સ્વરાજ આશ્રમમાં આવી. વલ્લભભાઈની હાજરીમાં ધણીને સંભળાવ્યું :

જુઓ, મૅજિસ્ટ્રેટ પાસે કાલાવાલા કરતા નહીં. તેની મરજી હોય તેટલી આકરી સજા માગી લેજો. મારો અને છોકરાંઓનો વિચાર કરતા નહીં. મજાથી રહેજો અને જે પુછાય તેનો મરદાઈથી ચોખ્ખો જવાબ આપજો.

પછી બાઈએ સરદારને કહ્યું,

મારા પર કેસ માંડ્યો નહીં તેનું શું કરું ? જેલમાં વળી શું થઈ જવાનું છે ? મણ અનાજ દળવામાં શું છે ? મેં તો દોઢ મણ દળી આપ્યું હોત.

આશ્રમથી બંને જણ સીધા અદાલતમાં ગયા. છ મહિનાની સજા મળી ત્યારે બાઈએ ધણીને ફરી વખત સંભળાવ્યું :

બહાદુરીથી જેલમાં જજો. આવો અવસર ફરી નહીં આવે. મારી અને છોકરાંઓની ફિકર કરતા નહીં. ભગવાન તમને બળ અને હિંમત આપે.

ધણીને વિદાય કરીને બાઈ પાછી સ્વરાજ આશ્રમમાં આવી અને ધણીના મિત્રોએ આપેલા નવ રૂપિયા વલ્લભભાઈના ચરણે ધર્યા.





**સ્વામી સચ્ચિદાનંદ**

દેશના આધુનિક અને વ્યવહારિક આવિષ્કારોને સમર્થન આપતા સંત

# ભારતમાં લગ્ન વ્યવસ્થા

## સુધારાલક્ષી વ્યવસ્થાના પ્રશ્નો

લગ્નજીવનની નિષ્ફળતા, મનુષ્યો માટે એક બહુ મોટો પ્રશ્ન બનતો જાય છે. પહેલાં લગ્નજીવનની નિષ્ફળતા પછી પણ લગ્ન ટકી રહેતું હતું. કારણ કે લગ્ન તોડી શકાતું ન હતું. કોઈ પણ ભોગે લગ્ન ટકાવવું જ પડતું હતું. એટલે લગ્નજીવનની નિષ્ફળતાના પરિણામ પતિ-પત્ની સિવાય બાળકો અથવા બીજાં કુટુંબીજનોને ખાસ ભોગવવાં પડતાં ન હતા. પણ છૂટા ન જ થવાય એવી બળજબરીથી વ્યવસ્થાએ હજારો પતિ-પત્નીઓનાં જીવન કજોડાંની ચિતા ઉપર બાળીને ખાખ થઈ ગયા. તો હજારો સ્ત્રીઓને આપઘાત કરવાની ફરજ પડી. આ રીતે છૂટાછેડા ન હોવાનો લાભ હતો તો સામે દૂષણ પણ હતું. એ દૂષણમાંથી છૂટવા માટે સુધારા થયા. જેમાં સ્ત્રીને નવા નવા હકો મળ્યા, જેમાં છૂટા થવાનો હક મળ્યો.

કોઈનું લગ્નજીવન કોઈ પણ ભોગે સફળ થઈ શકે તેમ ન જ હોય અને પછી તેને છૂટા કરવામાં આવે તે યોગ્ય જ કહેવાય. પણ પછી આ છૂટનો અથવા કહો કે આ હકનો આગળ જતાં મહાઅનર્થ પણ થવા લાગ્યો.

પહેલાં પણ સ્ત્રી દુઃખી હતી અને હવે પણ તે દુઃખી થવા લાગી છે. કારણ કે ઢળતી ઉંમરની સ્ત્રીને ફરીફરીને ગોઠવાવું સરળ નથી હોતું. જે જ્ઞાતિઓમાં પુનર્લગ્નની પ્રથાઓ પહેલેથી જ હતી તેમને ખાસ આંચ ન આવી, કારણ કે સમાજનું પછાતપણું સ્ત્રીને પગભર તો નહોતું જ કરતું. માત્ર એક જગ્યાએથી છૂટીને બીજી જગ્યાએ ગોઠવાવાનું હતું. બાકી ધાર્મિક, સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ તો હતી તેની તે જ હતી. એટલે એની એ જ ઘરવાળી ઝઈને ગોઠવાઈ જતી હતી. પણ જે સમાજોમાં પુનર્લગ્ન હતાં જ નહી. એ સમાજો શિક્ષણમાં ઘણાં આગળ હતા. કન્યા શિક્ષણ પણ આ સમાજોમાં પ્રથમ જ થયું.

આવી ભણેલી-ગણેલી અને પાછી નોકરી દ્વારા આત્મનિર્ભર થયેલી સ્ત્રીઓને જે છૂટ અને હક મળ્યા તેમાંથી નૂતન પત્નીનો જન્મ થયો. આ નૂતન પત્ની માત્ર ચાર દીવાલોમાં જ પુરાઈ રહેનારી ન

હતી. બબ્બો રૂપિયા માટે પતિની ઓશિયાળી પણ ન હતી. આ નૂતન પત્ની ઉપરથી ધર્મ, સમાજ અને રાષ્ટ્રના પ્રતિબંધો હળવા થઈ ગયા હતા. અથવા કહો કે (વિદેશોમાં) સાવ તૂટી ગયા હતા. હવે આ પત્ની, પતિની દાસી થઈને રહેવા તૈયાર ન હતી. તે બરોબરીના દાવાવાળી હતી અને કેટલીક વાર તો સવાઈ પણ હતી. હવે તેને 'ઈગો' ગમ ખાનારો ન રહ્યો. તે તડને ફડ કરનારી થઈ એટલે છૂટાછેડાના પ્રસંગો વધવા લાગ્યા- તે સ્વાભાવિક જ છે.

ઉપર મેં માત્ર સ્ત્રીઓ માટે જ લખ્યુ છે તેનું કારણ એ છે કે પહેલાં જે લગ્ન અતૂટ રહેતાં તેનું એકમાત્ર પ્રબળ કારણ સ્ત્રીઓની સહનશક્તિ જ હતી. સ્ત્રીઓને સહનશક્તિ એટલા માટે રાખવી પડતી કે તે સિવાય બીજો કોઈ રસ્તો જ ન હતો. ધર્મે એક ભવમાં બીજો ભવ કરવાને મહાપાપ સમજાવ્યું હતું. બીજી તરફ સમાજમાં આવા પુનર્લગ્નો માન્ય ન હતાં તો ત્રીજી તરફ સરકાર પણ કાંઈ કરી શક્તી નહી. ચોથું સ્ત્રીમાં પોતાના પગભર થવાની કે સામે પડીને લડી લેવાની શક્તિ ન હતી. આમ ચારેય તરફથી સ્ત્રી ઘેરાયેલી હતી એટલે તેને વધુ સહન કર્યે છૂટકો હતો. પણ આનું જમાપાસું હતું. તે એ કે સ્ત્રી પૂર્ણ સુરક્ષિત પણ હતી. તેને પોતાનો સંઘર્ષ કરીને જીવન ટકાવવાનું ન હતું. ધર્મ, સમાજ અને રાષ્ટ્ર બધાં જ તેની રક્ષાના પક્ષમાં હતાં. જો કજોડું ન થયું હોય અને સ્ત્રી બરાબર ગોઠવાઈ ગઈ હોય તો તે સુખ જ સુખી હતી. પ્રશ્ન માત્ર કજોડાંઓનો હતો. અથવા સંયુક્ત કુટુંબનો હતો.

જે સુધારાપૂર્વકની નવી સમોવડિયા વ્યવસ્થા આવી તેનાથી કેટલાંક અંશોમાં જૂના પ્રશ્નો તો ઉકેલાયા, પણ નવા પ્રશ્નો પણ ઊભા થયા. ખરેખર તો પ્રશ્નો વિનાની કોઈ વ્યવસ્થા જ નથી હોતી. નવી વ્યવસ્થામાં પહેલાં ભણવાનું, પછી સાથે સાથે પ્રેમપાત્ર પણ શોધવાનું, પ્રેમ કરવાનો અને પછી પરણવાનું. આમ તો આ વ્યવસ્થા ખોટી ન કહેવાય, પણ પહેલાં પ્રેમ કરીને પછી લગ્ન કરનારાઓમાંથી ઘણાં સારી રીતે ગોઠવાઈ શક્તા નથી. પ્રથમ તો, પ્રથમ પ્રેમ લગ્નમાં પરિણમે તેની ખાતરી નથી હોતી. યુવાવસ્થામાં ખાસ કરીને કૉલેજકાળમાં ઘણાં પાત્રો માત્ર છીછરી કક્ષાએ પ્રેમ કરતાં હોય છે. થોડા દિવસ જે મોજમજા કરી તે ખરી. આવી રીતે ઉપરછલ્લા હેતુ માટે થયેલો પ્રેમ થોડા જ સમયમાં કાં તો તૂટી જતો હોય છે કાં તો છૂટી જતો હોય છે. વારંવાર આવા છીછરા પાણીમાં છબછબિયાં કરનારાં અનેક પ્રકારની વાનગીઓ ચાખ્યા પછી સંપૂર્ણ સમર્પણથી સ્થાયી થઈ શક્તા નથી. વાસનાના જૂના સંબંધો નવા સ્વરૂપને સ્થાયી થવા દેતા નથી. કેટલીક વાર તો હલકટ પાત્રો બ્લેકમેલ કરીને બીજાનું જીવન ધૂળધાણી પણ કરી દેતાં હોય છે. સૌથી મોટો અવરોધ તો પ્રેમીમાંથી ધણી-ધણિયાણી થવાનો હોય છે. ગઈ કાલનો પુરુષ પ્રેમી હતો હવે તે ધણી થઈ જાય છે. તે પેલી પ્રેમિકામાંથી પત્ની બનેલી સ્ત્રીથી સહન થતું નથી. તેને વારંવાર



હુકમો સાંભળવા પડે છે, જે તેનાથી સ્વીકારી શકાતા નથી. લાંબા ગાળે તેમાંથી કચવાટ શરુ થઈને પછી ઉગ્રતાએ પહોંચે છે, દુર્ભાગ્ય એ હોય છે કે તેમને કોઈ સારો મધ્યસ્થી પણ મળતો નથી જે બન્નેના ઈગોને ઓછો કરાવી બગડતા સંબંધોને સુધારી આપે. આ રીતે લગ્નજીવન ભંગાણના આરે પહોંચી જાય છે. હવે પશ્ચિમમાં તો આ પ્રમાણે માઝા મૂકી છે. ભારતમાં પણ હવે દિન-પ્રતિદિન તે વધી રહ્યું છે, જે ચિંતાજનક છે.

આ નવી સુધારાજનક વ્યવસ્થામાં એક નવો દૂષિત ફણગો એ ફૂટ્યો છે કે ‘લગ્ન બાહ્ય સંબંધો’નો ફેલાવો થવા લાગ્યો છે. જેનો વધુ ભોગ તો સ્ત્રીઓ જ થતી હોય છે. પુરુષ લગ્ન બાહ્યસંબંધો સ્થાપિત કરે છે. કારણ કે તે માટે તેને ઘણી મોકળાશ છે. તે બોસ છે, કલાકાર છે, ઉચ્ચકક્ષાનો સર્વન્ટ છે. શેઠ છે, શ્રીમંત છે. તેને ઘણી મોકળાશ છે. ધન વગેરેનું સામર્થ્ય પણ છે અને ઘરની અતૃપ્તિ પણ છે. સાથે સાથે મિત્રો વગેરેનું વાતાવરણ પણ લપસણું છે. આ બધામાં તેને લપસાવનારાં તત્ત્વો મળી રહે છે. ઘરના ભોજન કરતાં હોટના ભોજનમાં ઘણી વાનગીઓ હોય છે, બસ ઓર્ડર કરો, પૈસા ભરો અને જમો. પૈસાની કમી નથી એટલે બીજો કશો વાંધો નથી. બીજી તરફ પત્ની વધુને વધુ વહેમી, કજીયાળી થઈને પેલાને દૂર કરતી રહે છે. તેને ખબર નથી પડતી કે તેનું વલણ જ તેનું મોટું શત્રુ છે. તે વલણ સુધારી નથી શકતી એટલે પોતાના પુરુષને ખોઈ બેસે છે.. છતા પતિએ તે પતિ વગરની થઈ જાય છે અને આંસુઓ પાડે છે. તો ઘણીવાર બન્ને પાત્રો લગ્નબાહ્ય સંબંધમાં અટવાઈ જાય છે.

**પહેલાં જે લગ્ન અતૂટ રહેતાં તેનું એકમાત્ર પ્રબળ કારણ સ્ત્રીઓની સહનશક્તિ જ હતી. સ્ત્રીઓને સહનશક્તિ એટલા માટે રાખવી પડતી કે તે સિવાય બીજો કોઇ રસ્તો જ ન હતો. ધર્મે એક ભવમાં બીજો ભવ કરવાને મહાપાપ સમજાવ્યું હતું. બીજી તરફ સમાજમાં આવા પુનર્લગ્નો માન્ય ન હતાં તો ત્રીજી તરફ સરકાર પણ કાંઇ કરી શક્તી નહીં. ચોથું સ્ત્રીમાં પોતાના પગભર થવાની કે સામે પડીને લડી લેવાની શક્તિ ન હતી. આમ ચારેય તરફથી સ્ત્રી ઘેરાયેલી હતી એટલે તેને વધુ સહન કર્યે છૂટકો હતો. પણ આનું જમાપાસું હતું. તે એ કે સ્ત્રી પૂર્ણ સુરક્ષિત પણ હતી. તેને પોતાનો સંઘર્ષ કરીને જીવન ટકાવવાનું ન હતું. ધર્મ, સમાજ અને રાષ્ટ્ર બધાં જ તેની રક્ષાના પક્ષમાં હતાં. જો કજોડું ન થયું હોય અને સ્ત્રી બરાબર ગોઠવાઈ ગઈ હોય તો તે સુખ જ સુખી હતી. પ્રશ્ન માત્ર કજોડાંઓનો હતો. અથવા સંયુક્ત કુટુંબનો હતો.**

સૌથી ઉત્તમ તો એ છે કે લગ્ન પહેલાં પ્રેમ થયો હોય અને પછી લગ્ન થયાં હોય તો બન્ને પોતપોતાની ભૂમિકાને ગંભીરતાથી સમજે અને સ્વીકારે અને જીવનભર ચલાવે.

## નિઃસ્વાર્થ પ્રેમવૃત્તિ

જો વાસનાવૃત્તિ, ધનવૃત્તિ સાથે જોડાયેલી હોય તો તે બેવડો સ્વાર્થ ઊભો કરે છે. ‘મને વાસના પણ મળે અને પૈસો પણ મળે.’ આવું ગણિત સ્થિર સંબંધ રચી શક્તું નથી. જો આ બંનેવસ્તુઓની પ્રાપ્તિમાં વધઘટ થાય અથવા બેમાંથી એકાદ વસ્તુ સમાપ્ત થઈ જાય તો સંબંધ પણ સમાપ્ત થઈ જાય છે અથવા ક્ષીણ થઈ જાય છે. સતત બિનજરૂરી રીતે પૈસાની માંગણી કરનારી પત્ની, પતિનો પ્રેમ અને વિશ્વાસ જીતી શક્તી નથી. આવી જ રીતે પત્ની પાસે પણ સતત પૈસાની અપેક્ષા રાખનાર પુરુષ પણ પત્ની માટે ત્રાસરૂપ બની જાય છે. ધનલોભી પુરુષ પત્નીને વારંવાર તેના બાપ પાસેથી પૈસા લઈ આવવાની વૃત્તિ રાખે તો પત્ની માટે તે અણગમતો પતિ થઈ જાય.

પત્ની વારંવાર તેના પિયર જાય અને રડી-કકળીને મા-બાપ કે ભાઈઓ પાસેથી પૈસા લઈ આવે અને ધનલાલચુ પતિને સંતોષવા પ્રયત્ન કરે એ લગ્નજીવનનું હીન કલંક જ કહેવાય.

આવાં કલંક ઊંચી ગણાતી અને દહેજના કુરિવાજથી પીડાતી જ્ઞાતિઓમાં વધારે હોય છે. પુરુષની મર્દાનગી એમાં છે કે પત્ની પાસે આપાત્કાળ સિવાય ધનની અપેક્ષા ન રાખે. સ્ત્રીધનની આજીવિકા પર જીવનારને અધમાધમ માન્યો છે. સ્ત્રીધનને શિવનિર્માલ્ય માન્યું છે. સમર્થ પુરુષે તેની જરા પણ લાલચ રાખવી ન જોઈએ. બની શકે તો સ્ત્રીને આપતા રહેવાનું છે. તેની પાસેથી કશું લેવાનું નથી. લેવાનો તો એકમાત્ર પ્રેમ જ હોય છે. ધનની માફક વાસનાનું પણ છે. વાસના જો ધન સાથે જોડાય અર્થાત્ ધન આપો તો વાસના મળે, ન આપો તો ન મળે- વો સંબંધ વેશ્યાવૃત્તિ જેવો જ છે. અથવા કહો કે બેમાંથી એક મેળવવા વાસના આપે છે અથવા વાસના મેળવવા ધન આપે છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જ્યાં આવું ગણિત કામ કરતું હોય છે, ત્યાં પતિ-પત્નીનો સંબંધ પવિત્ર નથી રહેતો. પવિત્રતા નિઃસ્વાર્થવૃત્તિથી આવે છે અને નિસ્વાર્થવૃત્તિની પરાકાષ્ટા અથવા પૂર્ણતા એ જ પ્રેમ છે.

વાસના અને ધનનું આદાન-પ્રદાન તો પતિ-પત્નીમાં રહેવાનું જ. કોઈ દોષ કે અપરાધ નથી, પણ તે બન્નેમાં બન્ને મેળવવાનું ગણિત આવી જાય તો તે દોષ છે, અપવિત્રતા છે. તેનાથી મુક્ત પતિ-પત્નીનો સંબંધ હોય તો તે પ્રેમસંબંધ છે.

પ્રેમસંબંધમાં કોઈ એક પાત્રમાં કામસામર્થ્ય કે ધનસામર્થ્ય ઘટી જાય અથવા ઓછું થઈ જાય તો પણ સંબંધ ઘટી જવાપણું કે સમાપ્ત થઈ જવાપણું નહી આવે. જીવનમાં આવા પ્રસંગો આવવાની

શક્યતા છે જ. કોઈ રોગ કે અકસ્માત વગેરેના કારણે પુરુષ કે સ્ત્રીમાં સ્થાયી રીતે કામશક્તિનો ક્ષય થઈ જાય તો પણ જો સાચો પ્રેમ હશએ તો તેમના પ્રેમ-સંબંધમાં ઊણપ આવશે નહી. મેં આવાં કેટલાંય દંપતી જોયાં છે અને મારું માથું તેમને નમી ગયું છે.

બાજુના જ ગામમાંથી આવું એક દંપતી કોઈ કોઈ વાર મારા આશ્રમમાં આવે છે. બન્ને અમેરિકા રહે છે. પૈસૈ-ટકે સારાં સુખી છે. બન્ને જુવાન છે, પણ છેલ્લા તેર વર્ષથી પુરુષ ભયંકર બીમાર થઈ ગયો છે, તે નથી ચાલી શક્તો, નથી બોલી શક્તો, નથી ખાઈ શક્તો કે નથી પોતાની મેળે માણી પી શક્તો. તેની યુવાન દેખાવડી પત્ની છેલ્લા તેર વર્ષથી એકધારી તેની સેવા કરે છે. તેને જ્યાં ઈચ્છા થાય ત્યાં ગાડીમાં ફેરવે છે. તેની સ્પેશ્યલ ફોલ્ડિંગ ખુરશીમાં ઊંચકીને ગોઠવે છે. તેને ખવડાવે છે, પીવડાવે છે, મોઢું લૂછે છે. કુદરતી હાજતે લઈ જાય છે. તે પછીની બધી ક્રિયા કરે છે. તેના ભારે શરીરને આમથી તેમ ફેરવે છે. આ બધું ક્રિયાથી જ નહી પણ પ્રેમથી કરે છે.- જરાય અણગમો લાવ્યા વિના પ્રેમનીતરતા ચહેરે. તેની એક એક ક્રિયા થતી જુઓ તો એ બહેનને વંદન કરવાનું મન થઈ જાય.

તે ચાહે તો નર્સ રાખી શકે તેમ છે. કારણ કે પૈસાની અગવડ નથી. પણ તે પોતે જ એક પણ અક્ષર બોલ્યા વિના અત્યંત પ્રેમભાવથી માતા જેમ બાળકની ક્રિયા કરે તેમ બધી ક્રિયા કરે છે. તેની પ્રત્યેક ઈચ્છા પૂરી કરવામાં ધન્યતા અનુભવે છે. આ નિઃસ્વાર્થ પ્રેમ છે. અમેરિકા જેવા દેશમાં રહીને પોતે નોકરી-ધંધો કરીને પણ પોતાના પતિના માટે સર્વસ્વ કરી છૂટનાર આવી નારી વંદનીય છે, દર્શનીય છે. જો કોઈ બીજી સ્ત્રી હોય અને વાસનાપ્રધાન સંબંધ હોત તો ક્યારનીય છોડીને ચાલી ગઈ હોત. કારણ કે અહી હવે વાસનાની ક્ષમતા જ નથી રહી. જ્યાં આવી ક્ષમતા દેખાત ત્યાં તે ચાલી ગઈ હોત. પણ તેને સ્વપ્નમાં પણ આવા વિચારો નથી આવતા. આ જ તપસ્યા છે. ખરેખર આ બહેન તપસ્વિની બહેન જ છે. ભલે તે રાખ ન ચોળતી હોય કે ધૂણી ન ધખાવતી હોય કે લાંબા ઉપવાસો ન કરતી હોય તો પણ તે સાચી તપસ્વિની છે. તેનાં દર્શન કરીને ધન્ય ધન્ય થઈ જવાય.

આવું જ એક બીજું દંપતી છે. પતિ, માધ્યમિક શાળાના આચાર્ય થઈને નિવૃત્ત થયા. સમાજમાં સારી પ્રતિષ્ઠા એટલે સમાજસેવાનાં કાર્યોમાં જોડાઈ ગયા, પણ પત્નીને કેન્સર થયું. કેન્સરની લાંબી અને ત્રાસદાયી બીમારીમાં પતિએ પત્નીની એકધારી સેવા બજાવી. જરાય જરાય મોઢું ન બગાડે. ન માણસો પાસે કામ કરાવે. જાતે જ બધું કરે. કોઈની પાસે કશી ફરિયાદ નહી. લાંબા સમયે પત્ની દેવ થઈ ગઈ. ‘હાશ છૂટ્યા’ એવો છુટકારાનો કોઈ ભાવ નહી. એક વાક્ય સૌને કહે...’એણે મને જેટલો પ્રેમ આપ્યો હતો અને જેટલી મારી સેવા કરી હતી તેનો મારાથી જરાય બદલો આપી શકાયો નહી.’

આ નિઃસ્વાર્થ પ્રેમનો સંબંધ છે જે જીવતાં તો રહે છે, પણ મૃત્યુ પછી પણ અખંડ રહે છે. કોઈ વિરલ દંપતીમાં જ આવો પ્રેમ જોવા મળે છે. જો માણસ આવી ઉચ્ચ ધારણા રાખે તો કદાચ તે પણ આવી સ્થિતિને પ્રાપ્ત કરી શકે.

પતિ-પત્નીના સંબંધોની શરૂઆત ભલે ભૌતિક આવશ્યક્તાઓથી થાય પણ જો તેને બન્ને રિફાઈન કરતાં રહે તો ક્રમે ક્રમે વાસના-ધન અને બીજા ભૌતિક સુખોના સ્વાર્થોથી તેને ઉચ્ચ કક્ષાએ પહોંચાડી શકાય છે. આનું નામ જ દૈવી પ્રેમ છે. જેમાં દિવ્યતા જ દિવ્યતા વરસતી હોય તે દૈવી પ્રેમ. જેને એ પ્રાપ્ત થયો હોય તેણે ઘર છોડવાની કે સાધુ થવાની જરૂર નથી. આ દૈવી પ્રેમ એ જ પરમાત્માનું સ્વરૂપ છે. ભલેને તે પતિ-પત્નીના માધ્યમથી જ પ્રાપ્ત કેમ ન થયું હોય.

## વ્યવહારિક સંબંધ

જ્યાં વાસનાલાભ નથી, ધનલાભ નથી, નિઃસ્વાર્થ સાચો પ્રેમ પણ નથી છતાં પતિ-પત્નીનો સંબંધ હોય તો તે માત્ર વ્યવહારિક સંબંધ છે.

સંસારના અનેક સંબંધોમાં સૌથી પ્રબળ વ્યવહારસંબંધ છે. ઈચ્છાએ કે અનિચ્છાએ પણ સૌએ આવો સંબંધ રાખવો જ પડતો હોય છે. આપણે જ્યારે કોઈના ઘરે જઈએ છીએ ત્યારે આપણને જે આવકારો અપાય છે તેના અનેક પ્રકાર હોય છે. ભલે શબ્દો એકસરખા હોય પણ ભાવ સરખા નથી હોતા. કેટલોક આવકારો ઉપેક્ષાભર્યો હોય છે. કહેવા ખાતર ભલે ‘આવો’ એમ બોલે પણ તેમાં ભારોભાર ઉપેક્ષા હોય છે. કેટલાંક આમંત્રણમાં વ્યવહાર માત્ર હોય છે. જે આવે તેને સૌને આવો એમ કહેવું જોઈએ એટલે આમંત્રણ આપે. આ વ્યવહારિક્તા છે. કેટલાંક આમંત્રણમાં ભાવ નીતરતો હોય છે. કહેનાર ખીલી ઊઠે. ઊભો થઈ જાય,સામો આવે, ભેટી પડે વગેરે અનેક હાવભાવોથી ભાવ છલકાવા લાગે. આ ભાવ વ્યવહારસંબંધ છે. જે સુખદાયી અને આનંદદાયી છે. જેટલો ભાવ વધારે તેટલો જ આનંદ વધારે.

આવા ભાવથી ભર્યુ જીવન હોય તેને સુખી જીવન કહેવાય. આ ભાવ જ વધુ શુદ્ધ થઈને પ્રેમ બને છે. એ પ્રેમ જ અમૃતત્વની પ્રાપ્તિ છે. પતિ-પત્નીના સંબંધમાં આમાંનું કશું ન હોય એટલે કે ન તો તેમને વાસનાસુખ મળતું હોય, ન ધનસુખ મળતું હોય, ન પ્રેમભાવ જ હોય તેમ છતાં બન્ને એક જ ઘરમાં રહેતાં હોય અને સમજી-વિચારીને વ્યવહાર કરતાં હોય તો તે વ્યવહારિક સંબંધ માત્ર થઈ જાય છે. લોકલાજથી, સમાજના દબાણથી, વડીલોનું માન સાચવવા તે પતિ-પત્ની છે. એમ કહો કે ચેતના બિનાનાં બે મડદાં પતિ-પત્નીનો ખેલ કરી રહ્યાં છે.

# GPBS-2020
# માટે આગોતરૂં આમંત્રણ

ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટને હવે માત્ર એક જ વર્ષ બાકી રહ્યું છે. જીપીબીએસ-૨૦૧૮ની અસર તો હજુ સમાજના માનસમાંથી શમી પણ નથી અને ત્યાં જીપીબીએસ-૨૦૨૦ના આગમનની ભવ્ય તૈયારી થઈ રહી છે ત્યારે સમસ્ત પાટીદાર સમાજ સુરતના હોલમાં તા.૮-૧૨-૨૦૧૮ના રોજ સુરતના યુવા ઉદ્યોગ સાહસિકોને GPBS-૨૦૨૦ના પ્રિ-લોન્ચીંગ કાર્યક્રમનું આગોતરૂં આમંત્રણ આપવા માટે તેમજ તેની માહિતી આપવા માટે ૧૦૦૦ જેટલા યુવાનોને આમંત્રણ આપવા માટે કાર્યક્રમ યોજાયો હતો. આ સમયે આ ભવનમાં સરકારી યોજના માર્ગદર્શન કેન્દ્રનું ઉદ્ઘાટન શ્રી લાલજીભાઈ ટી. પટેલ, ગગજી સુતરિયા તથા શ્રી જીવરાજભાઈ સુરાણીના હસ્તે કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાન ઉદ્યોગપતિઓએ હાજરી આપીને પોતાના સર્જનાત્મક વિચારો રજૂ કર્યા હતા.

કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત માતૃશક્તિના હસ્તે દીપપ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ સામુહિક રાષ્ટ્રગાન સાથે સમગ્ર કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત યુવા ઉદ્યોગ સાહસિકોનું સામુહિક સન્માન સરદારધામના પ્રમુખ સેવક શ્રી ગગજીભાઈ સુતરિયા, સમસ્ત પાટીદાર સમાજ સુરતના પ્રમુખશ્રી લાલજીભાઈ પટેલ, પદ્મશ્રી



મથુરભાઈ સવાણી, ગુજરાત સરકારના પૂર્વ મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી, સરદારધામના ઉપપ્રમુખશ્રી દિયાળભાઈ વાઘાણી, સરદારધામના મહામંત્રીશ્રી જશુભાઈ પટેલ, સરદારધામના સ્થાપક ટ્રસ્ટીશ્રી કેશુભાઈ ગોટી તેમજ ઁ સુરતની યુવા ટીમ સૌએ સાથે મળીને ગુલાબની પાંખડીઓથી કર્યું હતું. આ કાર્યક્રમના સ્વાગત પ્રવચનમાં શ્રી ગણપતભાઈ ધામેલિયા પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે સમસ્ત પાટીદારની એકતાનું ધામ એટલે સરદારધામ આયોજીત ઁજી-૨૦૨૦ના પ્રિ-લોન્ચીંગના કાર્યક્રમનું આગોતરૂં આમંત્રણ આપવા માટે અમદાવાદથી પધારેલા સરદારધામના પ્રમુખ સેવક શ્રી ગગજીભાઈ સુતરિયા તેમજ તેમની સાથે પધારેલા અન્ય આમંત્રણ. આજે સરકારી યોજના માર્ગદર્શન કેન્દ્ર સૌ માટે ખુલ્લું મુક્યું. આ કેન્દ્ર ખુલ્લું મુક્તા જ સૌને પ્રશ્ન થશે કે આ કેન્દ્રમાં માર્ગદર્શન કોને મળશે?, કેવું મળશે? અને કોણ?, કેવી રીતે આપશે?, કેટલું આપશે ? ભારત સરકાર, ગુજરાત સરકાર, મહાનગર પાલિકા એટલે કે કોઈ પણ સરકારી સંસ્થાઓનો ઉદ્દેશ પ્રજાના કલ્યાણ અને વિકાસ માટે છે. તેને સિધ્ધ કરવા માટે સરકાર પોતાની ટેક્ષની આવકનો નાગરિકોની સુવિધા તથા કાયદો વ્યવસ્થા જાળવવા માટે ઉપયોગ કરે છે. સરકારી યોજનાઓ માત્ર ગરીબો માટે જ હોય છે તેવું નથી. સરકારનો ઉદ્દેશ સમાજના છેવાડાના માણસના ઉત્થાન તથા વિકાસ માટે છે. સરકાર જે નીતિ નક્કી કરે છે તેમાં અનેક પ્રકારની

## ૩,૪,૫ જાન્યુઆરી-૨૦૨૦માં ચાર સુઘટના ઘટશે

**૧) સરદારધામ પ્રોજેક્ટનું સમસ્ત પાટીદાર સમાજના ચરણોમાં લોકાર્પણ**
**૨) સરદારધામ દ્વારા ૨૦૧૮માં બિઝનેસ સમિટ કરી હતી જે ખુબ સફળ રહી. તેનાથી ૮ ગણી મોટી સમિટ થશે.**
**૩) સરદાર સાહેબના ચરણોમાં ૧ લાખ કરતા વધારે યુવા તેજ/તેજસ્વિનીનું સંગઠન સમર્પિત કરીશું અને દેશ અને દુનિયાના પ્રથમ હરોળના ૧૦ હજાર ઉદ્યોગપતિઓનું સંગઠન સમર્પિત કરીશું.**
**૪) આવનારા સમયમાં ૧૦ હજાર વિદ્યાર્થીઓને પરવડે તેવા ભાવથી રહેવા, જમવાનું સગવડ ધરાવતા છાત્રાલયનું લોકાર્પણ**

ટ્રસ્ટીઓ અને મહાનુભાવોનું સ્વાગત કરૂં છું. અહીં ઉપસ્થિત તમામ મિત્રોને મારી વિનંતી છે કે સરદારધામ આયોજીત આ કાર્યક્રમમાં આપણે સૌએ જોડાવું જોઈએ. આ જોડાણથી સમગ્ર સમાજને એક આગવી હુંફ મળે છે. સરકારની અનેક યોજનાઓ અને તેના લાભ વિશે સમાજના યુવાનોને એકરૂપ કરકી સરદારધામ સંસ્થાના એક એકમ એવા સરકારી યોજના માર્ગદર્શન કેન્દ્રનું ઉદ્દઘાટન થયું છે. આ કેન્દ્રમાંથી આપણને સૌને સરકારની વિવિધ પ્રકારની યોજનાઓનું માર્ગદર્શન મળશે. જેનો લાભ લેવા સૌને વિનંતી છે.

સમાજના મોભી અને ગુજરાત સરકારના પૂર્વ મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યું હતું કે સરદારધામ અને સમસ્ત પાટીદાર સમાજ સુરતના ઉપક્રમે આજે બે કાર્યક્રમો થઈ રહ્યા છે. (૧) સમસ્ત પાટીદાર સમાજ દ્વારા સરકારી યોજના માર્ગદર્શન કેન્દ્ર (૨) સરદારધામ આયોજિત ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ – ૨૦૨૦ના પ્રિ-લોન્ચીંગ કાર્યક્રમનું આગોતરૂં યોજનાઓનો સમાવેશ કરે છે તેનો મુળ ઉદ્દેશ તમામ નાગરિકોના વિકાસ, શહેરી પ્લાનીગ વિકાસ, ગામડાઓનું પ્લાનીગ, યોજના, શિક્ષણ, રોજગાર વગેરે યોજનાઓના માધ્યમથી સરકાર છેવાડાના વ્યકિત સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે. આ માટેની તમામ યોજનાઓના નિયમો, નિતીઓ આ બધી બાબતોનું માર્ગદર્શન અહીં આપવામાં આવશે. ઉદ્યોગના વિકાસ માટે, ખેતીના વિકાસ માટે, સિંચાઈની યોજનાઓ છે તેના માટે અલગ-અલગ સબસિડી મળે છે. રોજગારીના માધ્યમથી સરકાર સૌને સાંકળવાનો પ્રયત્ન કરે છે. માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે ટેક્ષ લેવામાં આવે છે. આરોગ્યની યોજનાઓ માટે મુખ્યમંત્રી મા અમૃતમ વાત્સલ્ય જેવી સરકારી યોજનાઓ ચાલે છે. જેનો લોકોને લાભ મળે તે માટે પ્રયત્ન કરવામાં આવે છે. ઉદ્યોગોમાં ૧૫૦ પ્રકારના અલગ-અલગ ટ્રેડ હોય છે. તેમાં અલગ-અલગ પ્રકારની લોનો અને સબસિડી આપવામાં આવે છે. જરૂરિયાત તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ



અભ્યાસ કરવા માટે ઓછા વ્યાજની લોન તથા સબસિડી પણ સરકાર આપે છે. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને પુસ્તક તથા હોસ્ટેલ ફી આપવામાં આવે છે. રૂરલ ડેવલપમેન્ટ ગ્રામ્ય વિકાસ જેવી યોજનાઓની માહિતી, ટાઉન પ્લાનીંગ એક્ટની માહિતી અહીથી આપવામાં આવશે. હું અહી દરરોજ સવારે ૯ થી ૧૨ બેસી સરકારી યોજના માર્ગદર્શન કેન્દ્રમાં મુલાકાતીઓને સરકારની વિવિધ પ્રકારની યોજનાઓની માહિતી આપીશ અને લોકોને ઉપયોગી થઈ શકીશ.

સરદારધામના પ્રમુખ સેવક શ્રી ગગજીભાઈ સુતરિયાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સૌને આવકારતા જણાવ્યું કે સમસ્ત પાટીદાર સમાજ સુરત તથા સરદારધામ વિશ્વ પાટીદાર સમાજ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે સરકારી યોજના માર્ગદર્શન કેન્દ્ર તથા નવા વર્ષના સ્નેહમિલન પ્રસંગે સુરતના યુવા તેજ એવમ્ ભગિનીઓને લાખ-લાખ શુભકામનાઓ. વિશેષ ખુશીનો દિવસ એટલા માટે છે કે સરદારધામ અમદાવાદ તથા સમસ્ત પાટીદાર સમાજ સુરત સાથે મળીને કામ કરે છે. બંને એક સિક્કાની બે બાજુ છે. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહાનુભાવો, સુરતના યુવા મિત્રો, ર્યઁ ના યુવા મિત્રો સૌનું સામુહિક સ્વાગત તેમજ અભિવાદન કરૂં છું. અહીના યુવા મિત્રોને બળ પુરૂ પાડવા માટે તેમજ હુંફ આપવા માટે આવ્યો છું. યુવાનોને જોડવાથી પ્રગતિ થાય છે અને તે સફળ થશે. કોઈપણ સારા કામ માટે સુરત જનેતા છે. બધા ત્યાંથી કામ શીખે છે. કથા, વ્યથા, પ્રથામાંથી બહાર આવી યુવાનોની શક્તિની કથા તથા ગાથા, યુવાનો અગ્રેસર રહે તેવી કથા, યુવાનોને ક્યારેય હાથ લાંબો ના કરવો પડે તે માટે આવા પ્રયોગો રાષ્ટ્રલેવલે થવા જોઈએ. મારા રાજસ્વી, તેજસ્વી, ઓજસ્વી, યશસ્વી બંધુભગિનીઓને માટે આ કાર્યક્રમમાં વડીલોને આપના ઉપર ભરોસો છે. તમે કામ કરવામાં આગળ વધો, હિંમત હારશો નહી અમે તમારી સાથે છીએ. સરદારધામ પ્રોજેક્ટ લગભગ ૨૫૦ કરોડનો છે. આ પ્રોજેક્ટ પાંચ મહિના પહેલા શરૂ થયો છે અને ૩ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ તેનું લોકાર્પણ છે. આ સમયે ચાર સુઘટના ઘટશે. (૧) સરદારધામ પ્રોજેક્ટનું સમસ્ત પાટીદાર સમાજના ચરણોમાં લોકાર્પણ (૨) સરદારધામ દ્વારા ૨૦૧૮માં બિઝનેસ સમિટ કરી હતી જે ખૂબ જ સફળ રહી ૨૦૨૦ તેનાથી ૮ ગણી મોટી સમિટ થશે. (૩) સરદાર સાહેબના ચરણોમાં ૧ લાખ કરતા વધારે યુવા તેજ/તેજસ્વિનીનું સંગઠન સરદાર સાહેબના ચરણોમાં સમર્પિત કરીશું અને દેશ અને દુનિયાના પ્રથમ હરોળના ૧૦ હજાર ઉદ્યોગપતિઓનું

સંગઠન સમર્પિત કરીશું. (૪) આવનારા સમયમાં ૧૦ હજાર વિદ્યાર્થીઓને પરવડે તેવા ભાવથી રહેવા, જમવાનું સગવડ ધરાવતા છાત્રાલયનું લોકાર્પણ કરીશું.

અમેરિકા સ્થિત ડૉ. કિરણભાઈ પટેલે વડોદરામાં સરદારધામ પ્રોજેક્ટ માટે ૨૦ વીઘા જમીન આપી છે તેમાં બાંધકામ કરી ૪૦ કરોડનો પ્રોજેક્ટ શરુ થશે. ૩૧ ઑક્ટોબર ૨૦૧૮ના રોજ સરદાર જયંતી મહોત્સવની ઉજવણી કરી હતી. જેમાં સરદારધામ સમગ્ર ગુજરાતમાં પ્રથમ સંસ્થા છે જેણે ૨૩ જિલ્લાના વિદ્યાર્થીઓ, યુવા ભાઈ-બહેનો અને ખેલાડીઓને જોડીને 'સરદાર ઑલિમ્પિક્સ'નું આયોજન કર્યું હતું. નવી મુંબઈમાં કાનજીભાઈ પટેલે એરપોર્ટ પાસે ૧૬ એકર જમીન સરદારધામને દાનમાં આપી છે. ભાવનગર શ્રી લેઉવા પટેલ કેળવણી મંડળ પાસે ૧૫ હજાર વાર જગ્યા છે તેમાં ૧૭૬૦ વિદ્યાર્થી રહી શકે તેવું છાત્રાલય, સિવિલ સર્વિસ સેન્ટર બનવાનું છે. તેના ભુમિપૂજનનો કાર્યક્રમ ૧૨ જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ છે. આવી સુઘટનાઓ થવાની છે. પાટીદાર સમાજની સંતતિ, સંપતિના જતન માટે આવનાર ૧૦ વર્ષમાં ૧૦ હજાર યુવા ભાઈ-બહેનોને સરકારના વહિવટીતંત્રમાં જોડવા છે તેના માટે આપણા ટ્રેનીગ સેન્ટરો કામ કરી રહ્યા છે. સરદારધામ હેડક્વાર્ટર ખાતેથી એક વ્યક્તિ એક સાથે ૨૦૦ જગ્યાએ વિડીયો કોન્ફરન્સથી સંબોધી શકે તેવી વ્યવસ્થા શરૂ કરી છે. ૫ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ રાજપથ ક્લબ ખાતે ૫૦૦૦ બિઝનેસમેનોના GPBS - ૨૦૨૦ના ગ્રાન્ડ ઓપનીગ કરવા જઈ રહ્યા છે. ત્યારબાદ દેશ અને વિદેશમાં અલગ-અલગ શહેરોમાં તેના પ્રમોશનલ કાર્યક્રમો કરવાના છે. આ કાર્યક્રમમાં ૧૧૯ સેક્ટરના ઉદ્યોગપતિઓ હાજર રહેવાના છે. તેમાં આપ સૌને ઉપસ્થિત રહેવા આમંત્રણ છે. ૨૦૧૯માં ભૂમિપૂજન થનાર ભાવનગર પ્રોજેક્ટનું ૨૦૨૧માં લોકાર્પણ છે તથા વડોદરા ખાતેના પ્રોજેક્ટનું ૨૦૨૨માં લોકાર્પણ છે. નવી મુંબઈમાં આપણે સરદારધામ બનાવવા જઈ રહ્યા છીએ. સમાજ સેવા કરવા માટે આપ સૌ આગેવાનોની જેમ બીજાઓ પણ બહાર આવે તો આપણે સૌ સાથે મળી યુવાનોને સબળ, સક્ષમ, શિક્ષિત, દિક્ષિત બનાઈ શકીશું અને એ રીતે પાટીદાર સમાજની તકદીર, તસ્વીર અને તાસીર બદલી શકીશું. આપણા દાનથી બનાયેલી હોસ્પિટલમાં અન્ય જ્ઞાતિઓને પણ આપણે લાભ આપીએ છીએ. સમાજના કુરિવાજોમાંથી બહાર આવી, પૈસા બચાવી સમાજના વિકાસના કામમાં વાપરવા જોઈએ. જેથી પાટીદાર સમાજનો એક વર્ગ અશિક્ષિત કે અવિકસીત ન રહે અને તે જોવાની આપણી સૌની ફરજ છે.

સરદારધામના યુવા તેજના કન્વીનર શ્રી ભાવિન પટેલે



કાર્યક્રમમાં GPBS-2020 અંગેની માહિતી પૂરી પાડી તેમાં તેમણે જણાવ્યું કે GPBS-2018 કરતા GPBS-2020 લગભગ આઠ ગણી મોટી થવાની છે. આ સમિટ ગાંધીનગરના મહાત્મા મંદિર તેમજ હેલીપેડ ખાતે થવાની છે. આપ સૌ વડીલોને વિનંતી છે કે યુવાનોને માર્ગદર્શન તેમજ હુંફ હંમેશને માટે આપતા રહેશો.

સુરતના યુવા તેજ/તેજસ્વિનીના શ્રી નરસીભાઈ સવાણી, શ્રી મનિષભાઈ કાપડિયા, શ્રી જયંતિભાઈ સાવલિયા અને શ્રી કમલેશભાઈ ગજેરાએ પોતાનો અભિપ્રાય આપતા જણાવ્યું કે સરદારધામ તથા કેળવણીધામ અપેક્ષા કરતા પણ વધારે સમાજ સેવાનું કામ કરે છે. સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ ભણવામાં પાછળ ન રહે તે માટે પાટીદાર સમાજની બેંક તથા આર્થિક મદદ કરવા માટેની કોઈ સંસ્થા બનાવવી જોઈએ. GPBSની એક ઈવેન્ટ સુરતમાં પણ થવી જોઈએ. જેથી અહીના લોકોને પ્રોત્સાહન મળે. ગાંધીનગરની જેમ સુરતમાં પણ GPBSના એક્ઝિબિશનનું આયોજન થવું જોઈએ. યુવાનો વડીલો પાસેથી અપેક્ષા રાખીએ છીએ કે આપણા સમાજમાં પણ ઈન્સ્યોરન્સ પોલીસી હોવી જોઈએ. જેના કારણે દવાખાનાની સારવાર લેવામાં આર્થિક રીતે નબળા પરિવારને મુશ્કેલી ન પડે. ગુજરાતના મોટા શહેરોમાં અલગ-અલગ ક્ષેત્રે એક્ઝિબિશન કરવા તથા રોજગારી મળે તે માટેના કાર્યક્રમો આપવા.

સરદારધામના સ્થાપક ટ્રસ્ટીશ્રી કેશુભાઈ ગોટીએ જણાવ્યું કે સુરતના ઉતરાણ ગામ પાસે પાટીદાર સમાજના અધિકારી અને કર્મચારીઓ દ્વારા સિવિલ સર્વિસ કેન્દ્ર ચાલે છે. આ કેન્દ્ર ચલાવી રહેલા તમામ યુવા મિત્રોને ખુબ ખુબ અભિનંદન. શ્રી લાલજીભાઈ તથા શ્રી નાનુભાઈએ અહી સરકારી યોજના માર્ગદર્શન કેન્દ્ર શરૂ કર્યું તે માટે તેમને અભિનંદન. શ્રી મથુરભાઈ તથા શ્રી લાલજીભાઈએ સમાજ માટે ખૂબ કામ કર્યું છે અને કરી રહ્યા છે તે માટે તેમને અભિનંદન. આપણે આપણા બુદ્ધિધનથી ૨૦૨૦ની સમિટમાં કામ કરીને પ્રથમ હરોળમાં આવી શકીએ તે બતાવવાનું છે. તે માટે દરેક યુવાને સંગઠનમાં જોડાઈને પોતાના દ્વારા બનતા શ્રેષ્ઠ પ્રયત્નો કરવા જોઈએ તે માટે આહ્વાન કર્યું હતું.

સરદારધામના યુવા તેજ સુરતના અગ્રણી શ્રી વિકાસભાઈ ડાંખરાએ ઉપસ્થિત સૌનો આભાર માનતા જણાવ્યું હતું કે આપણે સૌ સાથે મળી યઁમ્જી-૨૦૨૦માં સરદારધામ વિશ્વ ફલક ઉપર ઝળહળે તેવી મહેનત કરીશું. આ માટે તેમણે સૌ મિત્રોને આ કામમાં જોડાવવા માટે અપીલ કરી હતી.

આ કાર્યક્રમનું સ્ટેજ સંચાલન શ્રી બ્રિજેશભાઈ જોગાણીએ પોતાની કાવ્યપંક્તિઓ, શેર-શાયરીનો ઉપયોગ કરીને સારી રીતે કર્યું હતું.






**એચ. એસ. પટેલ**
આઇ.એ.એસ.(નિ.)
સી.ઈ.ઓ., સરદારધામ


# લોકોપયોગી માર્ગદર્શન

## ખેતીની જમીનમાં / વારસાઈ, ખાતેદારના મૃત્યુ પહેલાં, વહેંચણી, (Partition) હયાતીમાં હક્ક દાખલ / કમી વિગેરેની જોગવાઈઓ

કૌટુંબિક વહેંચણીમાં રજિસ્ટ્રેશન તેમજ ટુકડા ધારા ભંગમાંથી મુક્તિ અંગેની જાણકારી

જમીનના વ્યવસ્થાપન અંગે બ્રિટિશ જમાનામાં ઘડાયેલ કાયદો ૧૮૭૯ જમીન મહેસૂલ કાયદો આજે પણ અમલમાં છે અને આ કાયદાનું મૂળ હાર્દ જમીન મહેસૂલ વસુલ કરવાનું અને કબજેદારોના (Occupants) હક્કની જાળવણી કરવી. જેને સર્વસ્વીકૃત પરિભાષામાં Entries in Revenue Recrod has a fiscal value અને વિરૂધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી મહેસૂલી રેકર્ડની નોંધો / વ્યવહાર માન્ય ગણવાના છે. જયારે ૧૯૦૭માં કબજેદારોના હક્ક અંગે હક્કપત્રક Recrod of Rights ઉમેરવામાં આવ્યું જે નમૂના નં. ૬ ની નોંધો તરીકે ઓળખાય છે. તેમાં જમીનનો ધારક જે મહેસૂલ ભરવાને જવાબદાર છે તેનું નામ કબજેદારમાં એટલે દર્શાવવામાં આવે છે કે તે સરકારને મહેસૂલ આપવાપાત્ર માટે જવાબદાર છે. અગાઉની સામાન્ય પ્રચલિત પ્રણાલિકા પ્રમાણે ખેડૂત ખાતેદારના કુટુંબનો જયેષ્ઠ પુત્ર કે વડીલનું નામ ૭/૧૨માં કે મિલકત રજિસ્ટરમાં દાખલ કરવામાં આવતું અને જયારે તે મૃત્યુ પામે ત્યારે જ વારસાઈ કરવામાં આવતી, ઘણીવાર બે પેઢી સુધી વારસાઈ કરવામાં આવતી ન હતી અને મૃત્યુ પામેલ વ્યક્તિના નામે જમીનો ચાલતી, એવું પણ બનતું કે જયેષ્ઠ પુત્ર કુટુંબના કર્તા તરીકે જેમનું ખાતેદાર તરીકે નામ ચાલતું તેના કાકા/ભાઈઓના નામ વારસાઈ હક્કે દાખલ કરવાના બદલે અગાઉની પેઢીના વડીલના નામે ચાલતું, જેથી મહેસૂલી રેકર્ડ અદ્યતન કરવાના ભાગરૂપે



અમો જયારે ડે કલેક્ટર પાલનપુર પ્રાન્ત કે સુરત પ્રાન્ત હતા, ત્યારે ઝુંબેશ સ્વરૂપે વારસાઈ કરવાના વિશેષ પ્રયત્નો કર્યા. દાંતા જેવા કે ઉચ્છલ નિઝર તાલુકામાં આદિવાસીઓની ત્રણ પેઢી સુધીની વારસાઈ એક સાથે કર્યાના કિસ્સા હતા. કહેવાનો મતલબ એ છે કે, વડીલોપાર્જિત કે સ્વપાર્જિત મિલકતમાં મુખ્ય કર્તાના મૃત્યુ સુધી અને વારસાઈ થાય ત્યાં સુધી મૂળ ખાતેદારના નામ ચાલુ રાખવાની પ્રણાલિકા હજુ પણ ઘણા વિસ્તારમાં ચાલે છે અને વારસાઈને ગામડામાં ''મોં બદલો'' Change of name તરીકે ઓળખાય છે.

હવે બદલાતા સંજોગોમાં ઘણા કિસ્સા એવા અપીલ કક્ષાએ કેસ આવતા હોય છે કે જે તે સમયે વારસાઈમાં કાકા કે ભાઈઓ અને બહેનોના નામ દાખલ ન થવાની ફરીયાદો તેમજ ખોટી રીતે પાછળથી હક્કો ઉપસ્થિત કરવાની બાબતો આવતી હોય છે, આજે જમીનના વધતા જતા ભાવો / તેમજ કૌટુંબિક વ્યવસ્થામાં પણ બદલાવ થવાને કારણે, કાયદાથી વડીલોપાર્જિત કે સ્વપાર્જિત મિલકતમાં હક્ક મેળવવાને પાત્ર ખાતેદારો કે વ્યક્તિઓના હક્ક ડૂબે નહિ અને મહેસૂલી તંત્ર પણ લોકોના હક્કની યોગ્ય સ્વરૂપે જાળવણી થાય અને સાચું માર્ગદર્શન આપવામાં આવે તે જરૂરી છે કેમ કે જેમ જણાવ્યું તેમ અગાઉ એવી જ માન્યતા હતી કે જ્યાં સુધી મૂળ ખેડૂત ખાતેદાર કે કબજેદાર જ્યાં સુધી મૃત્યુ ન પામે અને વારસાઈ ન થાય ત્યાં સુધી કોઈના નામ દાખલ થાય નહિ. આ અંગે જેમ જણાવ્યું તેમ હક્કપત્રકમાં જે ફેરફાર કરવામાં આવે છે તે ૭/૧૨ માં કે મિલકત રજિસ્ટરમાં અથવા તો હક્કપત્રકમાં થતા ફેરફારો કબજેદાર તરીકે મહેસૂલ વસૂલ કરવાપાત્રના હેતુથી અદ્યતન સ્વરૂપે નિભાવવામાં આવે છે.

રાજય સરકારના મહેસૂલ વિભાગની રેકર્ડ અદ્યતન કરવાના ભાગરૂપે જે વારસાઈના કિસ્સામાં કે હક્ક ઉઠાવવાના, હયાતિમાં નામ દાખલ કરવાના, જમીનના વિભાજનના આ બધી બાબતો જાહેરજનતા સમક્ષ તેમજ ખાતેદારો સુધી પહોંચે અને જાણકારી મેળવે તેમજ જાગૃતિ કેળવાય તે માટે પ્રસ્તૃત કરું છું. સૌ પ્રથમ તો જમીન કે મિલકતના ''ટાઈટલ'' કે માલિકી હક્કનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ તે નક્કી કરવાની સતા – સિવિલ કોર્ટને છે અને તેના હુકમ મુજબ મહેસૂલી રેકર્ડમાં ફેરફાર થાય છે. પરંતુ તમામ લોકોએ પોતાના હક્ક / હિસ્સા – કબજાહક્કે માલિકી હક્ક પુરવાર કરવા માટે સિવિલ કોર્ટમાં જવાની જરૂર નથી, જો આ વિષયને લગતી જોગવાઈઓ તેમજ જાગૃતિ હોય, પહેલું તો કોઈપણ ખાતેદાર / મિલકત ધારણકર્તાના મૃત્યુ બાદ વારસાઈ નોંધ (Heirship) પાડવામાં આવે છે. તે મહેસૂલ વિભાગના ''હક્કપત્રક'' ના નિયમો હેઠળ કરવામાં આવે છે. પરંતુ આ અંગેના સાશકીય કાયદાઓ "Governing Act" જોવામાં આવે તો "Succession Act" વારસા અધિનિયમ, "Hindu/Muslim" હિન્દુ મુસ્લિમ લો, "Transfer of Property Act" મિલકત હસ્તાંતર અધિનિયમ, કૉ. પાર્સનર પ્રોપર્ટી "Hindu Marriage Act" સ્ત્રીઓને મિલકતમાં અધિકાર આપતો કાયદો ૧૯૫૬ આ બધાના કાયદાકીય સિધ્ધાંતો અનુસરવાના છે. સૌ પ્રથમ વારસાઈની બાબત જોઈએ તો ખાતેદારના મૃત્યુ બાદ મરણના દાખલા સાથે સીધી લીટીના તમામ વારસો પુરૂષ – સ્ત્રી – બહેન સગીર સહિતનાનું પેઢીનામું તૈયાર કરવાનું છે અને મહેસૂલ વિભાગના તા.૧૪-૩-૨૦૧૬ના પરિપત્ર મુજબ રૂ. ૨૦ના સ્ટેમ્પ ઉપર સોગંદનામું કરવાનું છે અને તે આધારે ઈ ધરા કેન્દ્રમાં વારસાઈ નોંધ પાડવામાં આવે છે અને નાયબ મામલતદાર કક્ષાથી ઉતરતા ન હોય તેવા મહેસૂલી અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવે છે.

પ્રવર્તમાન સામાજિક માળખામાં (Societal Transfromation) બદલાવ તેમજ વિભક્ત કુંટુંબોનો વ્યાપ વધવાથી, સબંધિત ખાતેદારના મૃત્યુ બાદ જમીનના હક્ક / ભાગમાં પ્રશ્નો ઉપસ્થિત ન થાય તે માટે હયાતીમાં કૌટુંબિક વહેંચણી કરી શકાય છે. અગાઉ મહેસૂલી અધિકારીઓ પણ ખાતેદારના મૃત્યુ સુધી વારસાઈ ન થાય ત્યાં સુધી હયાતીમાં વહેંચણી કે ભાગની નોંધો ન પાડવાનું વલણ હતું. પરંતુ આ અંગે વડીલોપાર્જિત કે સ્વાપાર્જિત વંશપરંપરાગત ખેડૂતોના કિસ્સામાં આ અંગે કોઈ પ્રતિબંધ નથી અને આવા વહેંચણી લેખ રજિસ્ટર્ડ કરાવવાની જરૂર નથી પરંતુ જો કોઈ વારસો અવેજ એટલે કે નાણાંકીય લેવડદેવડ કરે તો લેખ રજિસ્ટર્ડ કરાવવો જરૂરી છે. બાકી ખેડૂત ખાતેદારની હયાતીમાં વહેંચણ લેખ કરી, હક્કપત્રકમાં નોંધ કરાય છે. આ ઉપરાંત ખાતેદારના મૃત્યુ બાદ પણ કાયદેસરના વારસો વચ્ચે કૌટુંબિક વહેંચણી રૂ. ૧૦૦ ના સ્ટેમ્પ ઉપર એકરારનામાથી (Undertaking) થઈ શકે. તે જ રીતે કૌટુંબિક વારસદારો વચ્ચે વહેંચણી કરવી હોય તો પાંચ વર્ષની સમયમર્યાદામાં થાય અને સંયુક્ત નામે જમીન હોય અને બિન અવેજ એટલે કે નાણાંકીય વ્યવહાર વગર વહેંચણી થાય તો જમીનની કિંમત ઉપર ૧૦૦ થી ૫૦૦ રૂ. ના સ્ટેમ્પ પેપર ઉપર અન્ડરટેકીંગ આપવાથી થઈ શકે.

આ ઉપરાંત જમીનની વારસાઈ થયા બાદ કાયદેસરના વારસો દ્વારા પોતાનો હક્ક જતો કરવાનો થાય અને જેમાં નાણાંકીય અવેજ ન હોય તો રૂ. ૧૦૦ ના સ્ટેમ્પ પેપર તે અંગેનો લેખ એટલે કે ફારગતી લેખ (Release deed) કરવામાં આવે તો જતો કરી શકે છે અને તે મુજબ હક્કપત્રકમાં નોંધ થઈ શકે છે. આ જ રીતે હયાતીમાં સહ હિસ્સેદાર કે કાયદેસરના હક્કદાર તરીકે નામ દાખલ કરવામાં આવેલ હોય તો તે પણ રૂ. ૧૦૦ ના સ્ટેમ્પ ઉપર એકરાર નામાથી થઈ શકે. આ જ રીતે સ્વાપાર્જિત મિલકતમાં હયાતીમાં સીધી લીટીના વારસોના નામ દાખલ કરવામાં આવેલ હોય તેમાં પણ બિનઅવેજ સ્વરૂપે રૂ. ૧૦૦ ના સ્ટેમ્પ ઉપર એકરાર કરવાથી હક્ક જતો કરી શકે છે. આ ઉપરાંત હયાતીમાં પણ સહ હિસ્સેદાર તરીકે નામો દાખલ થઈ શકે. આ બધી જ બાબતોમાં હિત ધરાવતા તમામ પક્ષકારોની અનુમતિ/સંમતિની જરૂર છે.

આમ હાલના સંજોગોમાં જે સ્વરૂપે કૌટુંબિક વ્યવસ્થામાં પરિવર્તન આવી રહ્યું છે અને જમીનોના ભાવના મૂલ્યમાં વધારો થવાથી સબંધિત કુંટુંબના કાયદેસરના વારસો વચ્ચે મૃત્યુ બાદ ઝગડા / વિવાદો થાય છે અને લાંબી કાનૂની મહેસૂલ / દીવાની કોર્ટોમાં પ્રક્રિયામાં પડવું પડે છે. જેથી મૃત્યુ બાદ વારસાઈ કરાવવાને બદલે હયાતીમાં જ કૌટુંબિક વહેંચણી / સહ ખાતેદાર / ભાગીદાર / હિસ્સા વહેંચણી કરાવી લેવી હિતાવહ છે અને આ અંગે મહેસૂલી અધિકારીઓ પણ લોકોને ઉપર જણાવેલી બાબતોનું માર્ગદર્શન આપી હક્કપત્રકમાં નોંધો પાડી મંજૂર કરે અને આ કૌટુંબિક ઉપર જણાવ્યા તે વ્યવહારમાં ટુકડા ધારા કે રજિસ્ટ્રેશન કાયદાનો ભંગ થતો નથી. ફક્ત જયારે નવીન ટુકડાની જમીન ખરીદવાની થાય ત્યારે તે નિયમો લાગુ પડે છે અને ઉક્ત જોગવાઈઓ સીટી સર્વેમાં આવેલ મિલકતોમાં પણ ફેરફારો આ પ્રક્રિયા અનુસરી કરી શકાય છે.


**તા.૧-૪-૨૦૧૮થી સરદારધામ એક વિચાર માસિક અંકના લવાજમમાં નવા સભ્યો માટે વધારો નીચે મુજબ છે.**

**લવાજમના દર** : છુટક કિંમત : **રૂ. ૧૦૦/-** વાર્ષિક કિંમત : **રૂ. ૧,૨૦૦/-** વિદેશ : **૧૦૦ ડોલર**

આજીવન સભ્ય (૧૦ વર્ષ) **રૂ. ૧૦,૦૦૦/-** વિદેશ : **૮૦૦ ડોલર**

**નીચેના ફોર્મ ભરી આજે જ આપનું તથા આપના સ્નેહીજનનું લવાજમ મોકલી આપો...**

ઑફિસ : રોયલ હાઈટ્સ પાસે, વૈષ્ણોદેવી સર્કલ, એસ.પી. રીંગ રોડ, અમદાવાદ-૩૮૨ ૪૨૧. ફોન : ૯૭૧૨૯ ૫૨૩૫૮

**આપનું ફોર્મ**

નામ : ____________________

સરનામું : ____________________

ગામ : __________ તાલુકો : __________

જિલ્લો : __________ પીનકોડ : __________

મો.નં. : ____________________

ચેક/મનીઓર્ડરની વિગત ____________________

**આપનાં સ્નેહીજનની વિગત**

નામ : ____________________

સરનામું : ____________________

ગામ : __________ તાલુકો : __________

જિલ્લો : __________ પીનકોડ : __________

મો.નં. : ____________________

ચેક/મનીઓર્ડરની વિગત ____________________

સરદારધામ



પરસોત્તમભાઈ કમાણી

# મને ગમે મારું ગામઃ થોરીયાળી

ગામ એટલે પ્રકૃતિનું ધામ, જ્યાં ચારે બાજુ પ્રકૃતિનો નજારો દેખાતો હોય, બારે માસ નદી નાળાં વહેતાં હોય, ઘેઘુર ઝાડવાઓથી ઘેરાયેલું પાદર હોય, સવાર સાંજ પક્ષીઓનો કલરવ અને કલબલાટ સંભળાતો હોય, વાવણીનાં વરસાદે ફળિયામાં મગ ચોખાનાં સાથિયા કરી બળદને તિલક કરી ખેડૂતો હરખઘેલા હૈયે વાવણી વાવવા જતા હોય, ગોધૂલી સમયે શિકોટા મારતી ગાયોનું ધણ ઉતાવળી ચાલે ગામમાં પાછુ ફરતું હોય અને ગાયની ખળીઓથી ઉડતી ધૂળની ડમરીમાંથી માટીની મહેક આવતી હોય, દિવસ આથમે વાડી ખેતરેથી બળદ ગાડાં ધીંગી ચાલે ડોલતાં ડોલતાં ઘરે પાછાં ફરતાં હોય, સંધ્યા ટાણે નગારાં અને ઝાલરુંનાં તાલે ગામના ચોરે ઠાકોરજીની આરતી થતી હોય, કાળી ડીબાંગ રાત્રીમાં આભમાં તારલાઓનો ઝગમગાટ અને નીરવ શાંતિમાં તમરાંઓનું તાલમય સંગીત સંભળાતું હોય, તહેવારોમાં યુવાધનના હૈયાં હિલોળે ચડ્યાં હોય, સારાં માઠાં પ્રસંગોએ સુખ દુઃખમાં ભાગીદાર થતા ગામલોકો નાના મોટા કજિયામાં વડીલોનો માનમોભો જાળવી વાર્યા વરતા હોય એવું હતું મારું ગામ.

આજે ગામની સાચી ઓળખ ભૂલાઇ ગયેલ છે. જેમ



છોડમાં રણછોડ છે તેમ ગામમાં પણ રણછોડ છે અને ગામના રણછોડ આપણે જ છીએ. આપણે જ ગામનો આત્મા છીએ. જેમ આપણાં શરીરમાંથી આત્મા ચાલ્યો જાય તો આ શરીર રાખ થઇ માટીમાં ભળી જાય છે તેમ લોકો વગરનું ગામ પણ બે પાંચ વર્ષમાં માટીનો ટીબો થઇ જાળાં ઝાંખરાંથી ઢંકાઇને ખંઢેર થઇ માટીમાં મળી જાય છે. તો આપણે એટલું તો સ્વીકારીએ કે ગામમાં પણ જીવ છે. એ જીવનું જતન કરવું એ આપણી ફરજ છે.

બચપણને જ્યાં અમર્યાદ આનંદ સાથે વિતાવ્યું હોય, ગામના પ્રાકૃતિક પર્યાવરણનો દિલથી આનંદ ઉઠાવ્યો હોય એવા વ્હાલા વતન એવા મારા ગામને યાદ કરતા આજે પણ મારું હૈયું હરખાઈ જાય છે. દાદા-દાદી, માતા-પિતા, બા-બાપુજી, કાકા-કાકી, બધાં જ ભાઇ-ભાંડરું એક સાથે રહીને જે કુટુંબની હૂંફ મેળવી છે તે અવિસ્મરણીય છે. માતા-પિતાએ પ્રેમથી ઉછેર્યા અને આખા ગામના હેતાળવા લોકોએ વ્હાલથી વધાવ્યા છે. ગામની ગલીઓમાં દોડી-દોડીને અડવો-દા રમ્યાં, ગલીઓના ખુણે-ખાચરે સંતાઇને સંતાકૂકડી રમ્યાં, ગામના પાદરના આંબલી અને વડલે ખૂબ ઓળકામળી રમ્યા અને ઝાડની ઝૂલતી ડાળીઓએ ટીંગાઈને ખૂબ હીંચકા ખાધા છે. ગામના પાદરમાં જ વહેતી નદીમાં નાગોડીયા નહાવાનો અખૂટ આનંદ લૂટ્યો છે અને આમ ધિંગા-મસ્તીમાં કેટલીયે વાર વડીલોના ઠપકા, ડારા-ડફારાયે સાંભળ્યા છે ને ક્યારેક મારનો ભોગ પણ બનવું પડેલું. પણ એ બધું જ ક્ષણવારમાં વિસરાઇ જાતું ને ફરી પાછી મસ્તીભરી નિખાલસ પ્રવૃતિઓ આરંભાઇ જતી.

મારાં ગામનું નામ થોરીયાળી. રાજકોટથી ૫૦ કિમી દૂર પણ શહેરી સુવિધાઓથી આજે પણ હજી જોજનો દૂર. થોરીયાળીમાં મારો જન્મ થયો ત્યારે તો ગામની વસ્તી હશે માંડ હજાર – બારસોની. પણ આજે થોરીયાળી તો સાડા ત્રણ હજારથી વધારેની વસ્તીના માનવ મહેરામણથી ઉભરાય છે. ગામનો મુખ્ય વ્યવસાય ખેતી. ડેમ કાંઠાનું ગામ હોવાથી પાણીના તળ સારાં. ગામમાંથી પણ લગભગ દરેક ઘરેથી એકેક બબ્બે વ્યક્તિ મારી જેમ શહેરમાં સ્થાયી થયાં હોવાથી—ગામનું દરેક ખોરડું પૈસે ટકે સુખી.

**વતન મારું વ્હાલું મને, વતન મારું વ્હાલું**
**બાળપણાની ધીંગા-મસ્તી, વસતી કેમ ભૂલું**
**વતન મારું વ્હાલું મને, વતન મારું વ્હાલું**



મારાં ગામનું નામ ભલે 'થોરીયાળી' રહ્યું પણ મારાં થોરીયાળીના માણસો કંઈ થોર જેવાં ડંખીલા નથી. મારાં થોરીયાળીના માણસો તો ચણીયાબોર જેવાં ખટ્ટમીઠાં છે. મારાં ગામનું નામ ભલે 'થોરીયાળી' રહ્યું પણ મારે તો મારાં ગામમાં હરિયાળી રેલાવવી છે. લીલીછમ વનરાજી અને ગામના દરેક લોકોના મન રાજી થાય એવી યોજનાઓ લાવવી છે. મારે મારાં થોરીયાળીને એક દિવસ ભારતનું સર્વશ્રેષ્ઠ ગામ બનાવવું છે. એના માટે ગામના યુવાનો-વૃદ્ધો-ગામની મહિલાઓમાં પણ અનેરો ઉત્સાહ છે. મારી સાથે અમારા જ ગામના દિનેશભાઇ પેઢડિયા તથા ધીરૂભાઇ મોલિયા તથા ગામના આગેવાનોની ગામ વિકાસ સમિતિ પણ હરખભેર જોડાયેલ છે. છેલ્લા બે વર્ષમાં ઘણાં વિકાસના કામો થયા છે. સરસ પ્રવેશદ્વાર, સમાજની ભવ્ય વાડી બનાવી છે. ગામમાં ૨૫૦૦ ઝાડ વાવ્યા છે. ગામના ઘરેણાં સમાન સુવિધાઓ જેવી કે સારું મુક્તિધામ, નવી શાળા, બાગ-બગીચા, રમતગમતનું મેદાન, ઈ.ટી. પ્લાન, ચોકે ચોકે માઇક સિસ્ટમ, નાનું થિએટર, આધુનિક પંચાયત ભવન, લાઈબ્રેરી, સીસીટીવી કેમેરા વગેરે પણ બે-ત્રણ વર્ષમાં આવા તમામ વિકાસના કામો પૂર્ણ કરીશું. ગયે વર્ષે એનએસએસનો કણસાગરા કૉલેજનો ૯ દિવસનો કેમ્પ કર્યો તેમાં પણ ગામ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો. ગામમાં સફાઇ ઝુંબેશ ચલાવી કેમ્પમાં ગ્રામસભાનું પણ આયોજન કર્યું હતું તેમાં જિલ્લા કલેક્ટર, ડીડીઓ, એસપી તથા તાલુકાના ટીડીઓ, મામલતદાર વગેરે અધિકારીઓએ હાજરી આપી અને સ્થળ પર જ ગામના ઘણા પ્રશ્નો ઉકેલી દીધા. ગ્રામસભામાં એક બહુ જ સારો નિર્ણય લીધો કે દર વર્ષે ગામની નબળા કુટુંબની દીકરીઓને ગામ જ લગ્ન કરી આપશે જેથી ગામમાં જ ગામની જ સર્વજ્ઞાતીય દીકરીઓના સમૂહ લગ્નનું આયોજન થશે અને ગામની એકતા અને સંગઠન મજબૂત બનશે.

ગામડાની સરખામણીએ શહેરોમાં ઉદ્યોગો અને જરૂરી માળખાકિય સુવિધાઓનો વિકાસ વધુ થયો છે. શહેરોમાં શિક્ષણની પણ સારી સુવિધા ઉપલબ્ધ હોવાથી લોકોમાં શૈક્ષણિક સ્તર ઊંચું બન્યું અને પરિણામે લોકો વિચારશીલ અને વિકાસશીલ બન્યાં. યોગ્ય લાયકાત ધરાવતા અને વિચારોમાં સામ્યતા ધરાવતા લોકો એક બીજા સાથે મળીને ભાગીદારી પૂર્વક વિવિધ ધંધા ઉદ્યોગો શરૂ કરીને ખૂબ આગળ વધ્યા. શહેરોમાં ૫૦ થી ૭૦ ટકા લોકો ભાગીદારીમાં ધંધો કરે છે. શહેરોમાં ભાઇઓ પૈસા કમાય ત્યારે નવા મકાન બનાવી રસોડાં જુદાં કરે છે પણ ધંધો તો ભાગીદારીમાં ચાલુ રાખે છે. જેથી ધંધાનો વિકાસ થાય છે. પણ ગામડામાં સગા ભાઇઓ પણ ભાગીદારીમાં ખેતી કરતા નથી પાંચ દસ વીઘા જમીન હોય તો પણ રસોડાં જુદાં થાય ત્યારે ખેતીમાંય ભાગ પાડી નાંખે છે. જેથી વિકાસ અટકી જાય છે. પાંચ પંદર વીઘા જમીન ધરાવતા ખેડૂતો જો ભાગમાં ખેતી કરે તો ઘણા જ ફાયદા થાય ટૂંકી ખેતીમાં બધાને ખેતીના સાધનો વસાવવા પડે છે. ભાગીદારીમાં ખેતી કરતા થાય તો એક સાધનથી બધાની ખેતી થાય. ખેતીમાં આજે માણસો મળતા નથી સાથે મળીને ખેતી કરતા હોય તો મજૂરો પણ ન રાખવા પડે બધા અલગ અલગ પાકનું વાવેતર કર્યું હોય તો ઉપજમાં પણ સારી સરેરાશ બેસે. જરૂર છે વિશ્વાસનું વાવેતર કરવાની વિચારશક્તિ, ઈચ્છાશક્તિ, સંગઠનશક્તિ અને સંકલ્પશક્તિ કેળવવાની.

ગામમાં સાથે જ રહેતા લોકો એક બીજા ઉપર વિશ્વાસ કેળવે, દરેક વ્યક્તિ એક બીજાની ભાવનાનું ભાન રાખે. સાથે સાથે શહેરમાં વસતા લોકો પણ ગામને પ્રેમ, હુંફ અને સમય આપે તો ગામનો વિકાસ થતાં કોઇ રોકી ન શકે. મને આશાનું એક કિરણ દેખાય છે. આજે શહેરોમાંથી નોકરી છોડી યુવાનો ખેતી કરવા ગામમાં પાછા ફરી રહ્યાં છે. તેઓને ખેતી તથા ગ્રામ વિકાસમાં રસ છે. આપણે તેઓને પ્રોત્સાહિત કરીશું તો ધીમે ધીમે જરૂર એક વખત એવો આવશે કે શહેરના લોકોને પણ ગામમાં રહેવા જવાનું મન થાય એવા વિકસિત ગામો બનશે. મિત્રો આ કાર્ય દરિયો પૂરવા જેટલું મોટું છે. આપણે નાનાં મોટા સારાં કાર્યો કરી અથવા દાન ધર્મ કરી સંતોષ માની લઇએ એ પૂરતું નથી. આપણે મા-બાપને કુટુંબને, મિત્રોને ઈશ્વરને ચાહીએ છીએ તેમ આપણે આપણાં ગામને પ્રેમ કરીશું તો જ ગામડાંમાંથી ગૌરવશાળી ગરવું ગામ બનશે.

કામ ધંધાર્થે ગામ છોડીને શહેરમાં રહેવાનું થયું છે. વર્ષોથી ગામ છોડ્યું છે પરંતુ ગામ પ્રત્યેનો જે લગાવ અને આત્મીયતાનો ભાવ છે તે આજે પણ લેશમાત્ર ઓછો થયો નથી. આજે ભલે ગામથી દૂર રહું છું પણ હૈયામાં તો હજુયે મારું ગામ ધબકે છે. આજના આ ઝડપી યુગમાં શહેરો આગળ નીકળી ગયા ને વિકાસની દોડમાં ગામડાં પાછળ રહી ગયાં છે. પણ મારો દ્રઢ નિશ્ચય છે કે હું મારા ગામને શહેર કરતા પણ સોહામણું અને રળિયામણું બનાવીશ અને તમામ સુવિધાઓથી સજ્જ એવું આદર્શ ગામ બનાવીશ.

તો ચાલો વિચારોનું વાવેતર કરી ગ્રામવિકાસનાં કાર્યોની ખેતી કરીએ અને ગ્રામવિકાસ થકી રાષ્ટ્રવિકાસનાં ભાગીદાર થઇએ અને પછી ફળસ્વરૂપે આત્મસંતોષનો ઓડકાર ખાઇએ.

# સંપત્તિ અને સત્તા એ ભારતીય પ્રજાના આદર્શો હતા જ નહિ

ભારત શું છે? તેનું નાનું એવું ચિત્ર રજૂ કરવાનો હું પ્રયત્ન કરીશ. એક વિરાટ ઈમારત આખી તૂટીને પડીને ખંડિયેર બની ગઈ હોય તેના જેવું ભારત છે. પ્રથમ દ્રષ્ટિએ એથી બહુ જ થોડી આશા રહે છે; પ્રજા ભાંગી જઈને સાવ ખલાસ થઈ ગયેલી લાગે છે. પણ જરા ધીરજપૂર્વક અભ્યાસ કરશો તો તેમને તેનાથી વધુ કંઈક જોવા મળશે. ખરી વાત એ છે કે માનવ જે સિદ્ધાંત કે આદર્શને અભિયુક્ત કરે છે તે આદર્શને જ્યાં સુધી ઈજા ન પહોંચે કે તેના નાશ ન થાય ત્યાં સુધી માનવી જીવે છે અને તે માનવી માટે હજુ આશા રહે છે. આપણે જાણીએ છીએ કે ભારતીય પ્રજાએ સંપત્તિને કદી મહત્વનું સ્થાન આપ્યું નથી. તેણે જો કે અઢળક સંપતિ એકઠી કરી હતી – કદાચ બીજી કોઈ પણ પ્રજાએ કદી પણ પ્રાપ્ત કરી હોય તે કરતાંય વિશેષ કરી હતી, છતાં પણ એ પ્રજાએ સંપત્તિને કદી મહત્વનું સ્થાન આપ્યું નથી. યુગોના યુગો સુધી એ પ્રજા બળવાન હતી, છતાં આપણે જોઈએ છીએ કે પ્રજાએ સત્તાને કદી મહત્ત્વ આપ્યું નથી, કે વિજય માટે કદી દેશની બહાર પગલું ભર્યું નથી; પોતાની હદમાં જ એણે પૂરો સંતોષ માન્યો છે. તે લોકો કદી કોઈની સામે યુદ્ધે ચડ્યા નથી; ભારતીય પ્રજાએ કદી સામ્રાજ્યની સ્થાપનાની મહત્ત્વ આપ્યું નથી. ટૂંકમાં કહીએ તો સંપત્તિ અને સત્તા એ ભારતીય પ્રજાના આદર્શો હતા જ નહિં.

ત્યારે તેઓ સાચા હતા કે ખોટા, એ પ્રશ્નની આપણે ચર્ચા કરતા નથી. માનવનાં સર્વ સંતાનોમાં એ પ્રજાએ માન્યું છે અને અતિ પ્રમાણમાં માન્યું છે કે આ જીવન સત્ય નથી; સત્ય ઈશ્વર છે અને સંજોગો ગમે તેવા હોય તો પણ તેમણે ઈશ્વરને વળગી રહેવું જોઈએ. તેઓની અવનતિમાં પણ ધર્મનું સ્થાન પ્રથમ હતું. હિંદુ પાણી પીએ ધર્મવિધિ પ્રમાણે, સૂએ ધર્મવિધિ અનુસાર, ચાલે ધર્મવિધિ કહે તે અનુસાર, પરણે ધર્મવિધિ પ્રમાણે, લૂંટફાટ કરે તેય ધર્મને નામે! આવો દેશ તમે કદી



**સ્વામી વિવેકાનંદ**

જોયો છે ? કોઈને જો એક લૂંટારાઓની ટોળી ઊભી કરવી હોય, તો નાયકે અમુક પ્રકારના ધર્મનો ઉપદેશ કરવો પડશે, ત્યાર પછી કોઈક બનાવટી ફિલસૂફી ઘડવી પડશે અને કહેવું પડશે કે એ પદ્ધતિ ઈશ્વરપ્રાપ્તિ માટેનો સીધામાં સીધો અને વધુમાં વધુ ઝડપી માર્ગ છે. ત્યાર પછી તેને અનુયાયીઓ મળે; તે સિવાય નહિ. એ દર્શાવે છે કે પ્રજાની જીવનશક્તિ, પ્રજાનું જીવનકાર્ય ધર્મ છે; અને તેને જરા પણ સ્પર્શ કરવામાં નથી આવ્યો એ કારણે એ પ્રજા જીવે છે.

રોમનો વિચાર કરો. રોમનું ધ્યેય હતું સાર્વભૌમ સત્તા અને વિસ્તાર. જે ઘડીએ તેને હાથ અડ્યો કે તરત જ રોમના ટુકડેટુકડા થઈ ગયા, તેનો નાશ થઈ ગયો. ગ્રીસનું જીવનકાર્ય હતું બુદ્ધિવૈભવ. જે ઘડીએ તેને સ્પર્શ થયો કે તરત જ ગ્રીસના ભુક્કા નીકળી ગયા. તેવી જ રીતે આધુનિક કાળમાં સ્પેન અને આ બધા અત્યારના દેશોનું પણ છે. પ્રત્યેક પ્રજાનું જગતમાં

એક જીવનકાર્ય હોય છે. જ્યાં સુધી જીવનકાર્યને ઈજા પહોંચતી નથી, ત્યાં સુધી દરેક પ્રકારની મુશ્કેલીઓ આવવા છતાં તે પ્રજા જીવતી રહે છે. પરંતુ જે ઘડીએ તેના જીવનકાર્યનો મૃત્યુઘંટ વાગે છે કે તુરત એ પ્રજા મરે છે.

હવે ભારતની એ જીવનશક્તિને હજુ સ્પર્શવામાં આવી નથી. તે લોકોએ તેનો ત્યાગ કર્યો નથી, એટલે તેમના સઘળા વહેમો હોવા છતાં હજી પણ તે સબળ છે. ભયંકર વહેમો છે, કેટલાક તો કમકમા ઉપજાવે એવા છે, પણ એનો વાંધો નહીં. પ્રજાનું જીવનઝરણું પ્રજાનું જીવનકાર્ય હજુ સાબૂત છે.

ભારતીય પ્રજા કદી પ્રબળ વિજિગીષુ-વિજયો કરવાની લાલસાવાળી પ્રજા થવાની નથી કદી જ નહીં. તે મહાન રાજનીતિકુશળ થવાની નથી; એ એનું કાર્ય જ નથી, પ્રજાઓની મહાન સ્વર મંડળીના ભારતે પુરાવાના એ સૂર નથી. પણ ત્યારે તેણે પાઠ શો ભજવવાનો છે? એને તો ઈશ્વર અને કેવળ ઈશ્વર જ છે. મડાગાંઠની માફક તેને વળગી રહી છે અને એટલે હજી ત્યાં આશા છે.

એટલે પછી પૃથ્થકરણને અંતે એવા નિર્ણય ઉપર અવાય કે આ બધી બાબતોની, આ બધી ગરીબી અને દુઃખોની કશી વિસાત નથી; એનું માનુષ્યતા હજુ જીવંત છે, એની તેની આશા પણ છે.

વારું, ભારતમાં આખા દેશમાં તમે ધાર્મિક પ્રવૃત્તિઓ ચાલ્યા જ કરતી જોશો. મને એવું એકે વરસ યાદ આવતું નથી કે જ્યારે ભારતમાં થોડાએક નવા સંપ્રદાય ઊભા ના થયા હોય. પ્રવાહ એટલે પ્રબળ તેટલો વમળો અને ભમરીઓ વધારે. સંપ્રદાયો નાશની નિશાનીઓ નથી, એ તો જીવંતપણાનું ચિહ્ન છે. સંપ્રદાયો ભલે વધ્યે જાય; એટલે સુધી વધે કે એવો સમય આવે કે જ્યારે અમારી પૈકી દરેકેદરેક વ્યક્તિ એકએક સંપ્રદાય બની જઈએ, માટે આપણે તકરાર કરવાની જરૂર નથી.

હવે તમારા દેશનો વિચાર કરીએ. યાદ રાખજો કે મારો ઈરાદો અહીં કોઈ જાતની ટીકા કરવાનો નથી. અહીં તમારે ત્યાં સામાજિક રિવાજો, રાજકીય બંધારણ, દરેકેદરેક બાબત માનવીનો આ જીવનમાંનો પ્રવાહ સરળ બનાવવા સારુ યોજાયેલ છે. આ પૃથ્વી પર તે જીવે ત્યાં સુધી તેણે ખૂબ સુખેથી જીવવું જોઈએ. તમારા રસ્તા જુઓ; તમારાં નગરો જુઓ, કેવાં સુંદર છે!અને કેટકેટલી વિવિધ રીતે માનવી પૈસો પેદા કરી શકે છે ! આ જીવનમાં આનંદ મેળવવાના કેટલા બધા રસ્તા છે ! પણ જો કોઈ માણસ અહીં તમારે ત્યાં કહે કે ‘જુઓ,



હું આ ઝાડ નીચે બેસીને ધ્યાન ધર્યા કરવાનો છું, મારે કામ કરવું નથી,' તો ? તો એને જેલભેગા જ થવું પડે, બીજું શું ? જોયું ને ? એને માટે બીજો કોઈ ઉપાય જ નહીં; એક પણ નહિ. માણસ જો સૌની જેવો થઈને રહે તો જ તે આ સમાજમાં જીવી શકે. આ જીવનમાં સારી વસ્તુના ઉપભોગ માટેની દોડાદોડીમાં તેણે સામેલ થવું જ પડે, નહિતર તે ફેંકાઈ જાય-મરી જાય.

હવે ફરી પાછા ભારત તરફ વળીએ. ત્યાં જો કોઈ માણસ એમ કહે કે, 'હું જઈને પેલા પર્વતની ટોચ ઉપર બેસી જઈશ, અને મારું બાકીનું બધું જીવન નાકના ટેરવા સામે તાકી રહેવામાં ગાળીશ.' તો પ્રત્યેક વ્યક્તિ કહેશે કે, 'ભાઈ ! ખુશીથી જા, ભગવાન તને બળ આપે !' એને એક પણ અક્ષર બોલવાની જરૂર નહિ પડે અને અંગ ઢાંકવા માટે નાનકડી લુંગી કોઈક લાવી આપશે, તો પણ તેને એથી સંતોષ થવાનો છે. પણ જો કોઈ માણસ એમ કહે કે, 'ભાઈઓ! મારે જીવનમાં થોડીક મોજમજા માણી લેવી છે.' તો તેને માટે દરેક દ્વાર બંધ થઈ જવાનાં.

મારું કહેવું એમ છે કે બંને દેશના વિચારો યોગ્ય નથી. અહીં આ દેશમાં જો કોઈ માણસને ગમતું હોય તો શા માટે તેણે એક સ્થળે બેસી જઈને પોતાના નાકના ટેરવા તરફ ન જોવું ? એનું કશું કારણ મને જડતું નથી. બહુમતી જેમ કરે તે જ પ્રમાણે અહીં દરેકે શા માટે કરવું જોઈએ? મને તો એનું એકેય કારણ જડતું નથી.

અથવા ભારતમાં કોઈ માણસ આ જિંદગીની મજા શા માટે ન માણે કે પૈસા ભેગા ન કરી શકે તેનુંય કારણ મને સમજાતું નથી. પરંતુ તમે જુઓ છો કે કરોડો માણસોને વિરોધી દ્રષ્ટિબિંદુ ત્રાસપૂર્વક, બળજબરીથી અનેક રીતે સ્વીકારવું પડે છે. આ દ્રષ્ટાઓનો જુલમ છે, આ છે મહાન પુરૂષોનો જુમલ, આ છે આધ્યાત્મિક લોકોનો જુલમ, બુદ્ધિમતોનો જુલમ, જ્ઞાનીઓનો જુલમ, અને ધ્યાન રાખજો કે જ્ઞાનીઓનો અત્યાચાર અજ્ઞાનીઓના અત્યાચાર કરતાં અત્યંત પ્રબળ હોય છે. જ્ઞાનીઓ અને બુદ્ધિશાળીઓ જ્યારે બીજા ઉપર પોતાની માન્યતાઓ ઠોકી બેસાડવાનું ઠરાવે છે, ત્યારે એવા લાખો માર્ગે વિઘ્ન અને બંધનો ઊભાં કરવાનું તેઓ જાણે છે, કે જેને તોડવાનું અજ્ઞાનીઓની શક્તિ બહારનું થઈ પડે છે.

**આપણે જાણીએ છીએ કે ભારતીય પ્રજાએ સંપત્તિને કદી મહત્વનું સ્થાન આપ્યું નથી. તેણે જો કે અઢળક સંપતિ એકઠી કરી હતી – કદાચ બીજી કોઈ પણ પ્રજાએ કદી પણ પ્રાપ્ત કરી હોય તે કરતાંય વિશેષ કરી હતી, છતાં પણ એ પ્રજાએ સંપત્તિને કદી મહત્વનું સ્થાન આપ્યું નથી. યુગોના યુગો સુધી એ પ્રજા બળવાન હતી, છતાં આપણે જોઈએ છીએ કે પ્રજાએ સત્તાને કદી મહત્ત્વ આપ્યું નથી, કે વિજય માટે કદી દેશની બહાર પગલું ભર્યું નથી; પોતાની હદમાં જ એણે પૂરો સંતોષ માન્યો છે. તે લોકો કદી કોઈની સામે યુદ્ધે ચડ્યા નથી; ભારતીય પ્રજાએ કદી સામ્રાજ્યની સ્થાપનાની મહત્ત્વ આપ્યું નથી. ટૂંકમાં કહીએ તો સંપત્તિ અને સત્તા એ ભારતીય પ્રજાના આદર્શો હતા જ નહીં.**

એટલે, મારે કહેવાનું એ છે કે આ વસ્તુ અટકવી જોઈએ. એક આધ્યાત્મિક વિરાટ ઉત્પન્ન કરવા સારુ લાખો અને કરોડો માણસનો ભોગ આપવાનો કશો અર્થ નથી. જે સમાજમાં જેમ આધ્યાત્મિક પ્રતિભાસંપન્ન વ્યક્તિ પણ ઉત્પન્ન થાય, તેમ સાથે સાથે બાકીના તમામ લોકો પણ સુખી હોય, તેવા સમાજ રચવાનું જો શક્ય હોય તો તે સારૂં છે; પણ જો એ માટે લાખોને કચડાવું પડે તો તે ખોટું છે. જગતની મુક્તિ માટે એક મહાપુરૂષ દુઃખ વેઠે એ વધારે સારું છે.

દરેક પ્રજામાં તેમની રીત પ્રમાણે કામ કરવું પડે. દરેક માણસ સાથે તેની પોતાની ભાષામાં તમારે બોલવું પડે. હવે જો ઈંગ્લેન્ડ કે અમેરિકામાં તમારે ધર્મનો ઉપદેશ આપવો હોય તો તમારે રાજકારણી પદ્ધતિ અખત્યાર કરવી પડે – એટલે કે મતદાન, ગુપ્તમત, પ્રમુખ, સંસ્થાઓ અને મંડળોની સ્થાપના ઈત્યાદિ દ્વારા કામ લેવું પડે, કારણકે પશ્ચિમની પ્રજાની એ પરિભાષા છે, એ એમની રીત છે. બીજી બાજુ ભારતમાં તમારે રાજકારણ વિષે જો બોલવું હોય તો તમારે ધર્મની પરિભાષામાં જ બોલવું જોઈએ. તમારે તમને કંઈક આવી રીતે કહેવું પડે : 'જે માણસ પોતાનું ઘર દરરોજ સવારે સાફસૂફ કરશે તે આવું પુણ્ય થશે અને તે અમુક સ્વર્ગે જશે, અથવા તે ઈશ્વરની પાસે જશે.' જો તમે વાતને આવા પ્રકારે ન મૂકો તો તેઓ તમારૂં સાંભળશે નહીં. એ છે પરિભાષાનો પ્રશ્ન. વસ્તુ તો એની એજ થાય છે; પરંતુ પ્રત્યેક પ્રજામાં તેના હૃદય સુધી પહોંચવા માટે તમારે તેની પરિભાષામાં બોલવું જોઈએ અ આ તદ્દન વાજવી

છે, આપણે તેથી ચિડાવાની જરૂર નથી.

હું જે સંપ્રદાયનો છું તેને સંન્યાસી સંપ્રદાય કહેવામાં આવે છે. સંન્યાસી શબ્દનો અર્થ છે 'જેણે સર્વસ્વનો ત્યાગ કર્યો છે એવો માનવી.' આ અતિશય પ્રાચીન સંપ્રદાય છે. ક્રાઈસ્ટની પૂર્વે બુદ્ધ પણ આ સંપ્રદાયના હતા. તેઓ આ પંથના સુધારકોમાંના એક હતા; બસ, એટલું જ. એટલો બધો પ્રાચીન આ સંપ્રદાય છે ! જગતના પ્રાચીનમાં પ્રાચીન ગ્રંથ વેદમાં પણ એનો ઉલ્લેખ મળી આવે છે. પ્રાચીન ભારતમાં એવો નિયમ હતો કે પ્રત્યેક સ્ત્રી કે પુરૂષ પોતાના જીવનના અંતિમ વર્ષોમાં સમાજિક જીવનનો સંપૂર્ણપણે ત્યાગ કરે પોતાની મુક્તિ તથા ઈશ્વર સિવાય બીજો કોઈ વિચાર ન કરે. આ બધું પેલા મહાન પ્રસંગ મૃત્યુ માટેની પૂર્વતૈયારી રૂપ હતું. તેથી એ પ્રાચીન કાળમાં વૃદ્ધો સંન્યાસી થઈ જતા; પાછળથી યુવાનોએ પણ સંસારત્યાગ કરવાનું શરૂ કર્યું. વળી યુવાનો તો ક્રિયાશીલ હોય. તેઓ એક વૃક્ષ નીચે બધો વખત બેસી રહીને પોતાના મૃત્યુનો જ વિચાર કર્યા કરી શકે નહીં; તેથી તેમણે ઉપદેશ આપવાનું અને પંથો સ્થાપવાનું વગેરે શરૂ કર્યું. આ રીતે બુદ્ધે પણ, પોતે જુવાન હોવાથી, એ મોટો સુધારો શરૂ કર્યો. એ જો વૃદ્ધ હોત તો પોતાના નાકના ટેરવા ભણી દ્રષ્ટિ રાખીને શાંતિથી મૃત્યુને ભેટ્યા હોત.

આ સંન્યાસી સંપ્રદાય એ કોઈ ધર્મપંથ નથી અને આ સંપ્રદાયમાં દાખલ થનારાઓ કોઈ પુરહિતો નથી. પુરોહિતો અને સંન્યાસીઓ વચ્ચે સંપૂર્ણ તફાવત છે. ભારતમાં સામાજિક જીવનના બીજા દરેક ધંધાની પેઠે પુરોહિતપણું પણ વંશ-પરંપરાનો એક ધંધો છે. જેમ સુતારનો દીકરો સુતાર થાય કે લુહારનો દીકરો લુહાર, તેમ પુરોહિતનો પુત્ર પણ પુરોહિત જ બને. પુરોહિત હંમેશાં પરિણીત હોવો જ જોઈએ. પત્ની ન હોય ત્યાં સુધી મનુષ્ય પૂર્ણ હોય એમ હિંદુ માનતો નથી. અપરિણીત માણસને ધાર્મિક વિધિ કરવાનો અધિકાર હોતો નથી.



# આપણે અદ્‌ભુત સમયમાંથી પસાર થઇ રહ્યા છીએ



**નારાયણ મૂર્તિ**

આપણે અદભુત સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ. અત્યારે ભારત જે રીતે દુનિયાનું ધ્યાન ખેંચી રહ્યું છે, તેવું છેલ્લાં ૩૦૦ વર્ષમાં ક્યારેય નહોતું બન્યું. વિશ્વમાં જે પણ કોન્ફરન્સમાં હું હાજરી આપું છું, ત્યાં ચીનની સાથોસાથ ભારતની વૃદ્ધિ વિશે પણ ચર્ચા થતી હોય છે. ભારત વિશે અનેક પુસ્તકો લખાયાં છે. લોકો મને સોફ્ટવેર અને બીપીઓ ક્ષેત્રે ભારતની સફળતા પાછળનું રહસ્ય પૂછતા હોય છે. ન્યૂયોર્ક, લંડન અને સાઉ પાઉલોના ટેક્સી ડ્રાઈવરો પણ મને વિશ્વનું ધ્યાન ભારત કેવી રીતે આકર્ષે છે તે વિશે પૂછે છે. હું જે આંકડાઓ રજૂ કરીશ, તે તેનું પ્રમાણ હશે. આપણે ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનીને ઊભર્યા છીએ. છેલ્લાં ત્રણ વર્ષમાં આપણી નિકાસનું પ્રમાણ બમણું થઈ ગયું છે. રૂપિયાનું મૂલ્ય વધી રહ્યું છે. જુલાઈ, ૨૦૦૭માં, આપણે ૮૪ લાખ નવા મોબાઈલ ટેલિફોન સબસ્ક્રાઈબર્સનો ઉમેરો કર્યો હતો. ૨૦૦૮માં આપણું સીધું વિદેશી રોકાણ આશરે ૨૫ અબજ ડોલર થશે, જે બે વર્ષ અગાઉના સીધા વિદેશી રોકાણ કરતાં પાંચ ગણું છે. અગ્રણી શહેરોમાં નવા એરપોર્ટ બંધાઈ રહ્યાં છે. દિલ્હીમાં તમે જ્યાં પણ જાઓ, ત્યાં મેટ્રોના વિસ્તરણનું કામ



ચાલતું દેખાય છે. મુકેશ અંબાણી વિશ્વના ટોચના પાંચ ધનિકોમાં સ્થાન પામે છે અને વિશ્વના સૌથી ધનાઢ્ય વ્યક્તિઓની યાદીમાં તેઓ એક સપ્તાહ માટે મોખરે રહ્યાં હતાં. યાદી હજુ ઘણી લાંબી છે. આપણાં માટે આ સમય પ્રગતિ સાધવાનો, વધુ મહેનત કરવાનો અને સર્વવ્યાપી વૃદ્ધિ લાવવાનો છે. આપણે આપણી આર્થિક ઉન્નતિના લાભ તમામ ભારતીયો સુધી પહોંચાડવાના છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારી, કૃષિ ઉત્પાદકતા વધારીને અને લોકોને કૃષિ ક્ષેત્રથી ખસેડીને લો-ટેક મેન્યુફેક્ચરિંગમાં મૂકવા પર ધ્યાન આપવાથી આર્થિક પ્રગતિના લાભો ગરીબો સુધી પહોંચશે. જો આપણે આપણી રૂઢિગત માનસિકતા છોડીને નવા વિચારો અને શક્યતાઓને આવકારીશું તો આ શક્ય છે.

મારા મતે, આપણાં કરતાં સારી કામગીરી બજાવતા લોકો પાસેથી શીખવાની વૃત્તિ અને નવા વિચારોને સ્વીકારવાની ઉદારતા એ અસરકારક નેતૃત્વ માટેનાં મહત્ત્વનાં પરિબળો છે. સમગ્ર દેશમાં આવી માનસિકતા કેવી રીતે પરિવર્તન પામતી હોય છે તે વિશે હું વાત કરીશ. વળી, નવા વિચારોને આવકારવાની ઉદારતા દેશની ઈમેજ કેવી રીતે ઉભરે છે તેનાં પણ હું કેટલાંક ઉદાહરણો રજૂ કરીશ. સાથે જ, અમલદરશાહીમાં અમુક સ્તરે જોવા મળતી જૂની માનસિકતાને વળગી રહેવાનું વલણ અને રૂઢિચુસ્તતા તે ઈમેજને કેવી રીતે ઝાંખી પાડે છે તેનાં પણ ઉદાહરણો આપીશ.

પ્રગતિ સાધવી હોય તો આપણે સમસ્યાઓથી ઘેરાયેલા છીએ તે સ્વીકારવું આવશ્યક છે. મારા મતે, આ પ્રગતિ આપણે આપણા અર્થતંત્ર, ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે આપણા શેરબજારોમાં જોઈએ છીએ તેના કરતા વધુ મહત્ત્વની છે. આ મુક્તતા આત્મવિશ્વાસમાંથી જન્મે છે. આપણા નેતાઓ હંમેશાં કોઈ પણ સમસ્યાના અસ્તિત્વનો ઈનકાર કરવા ટેવાઈ ગયા છે, ત્યારે આ મુક્તતા આપણને તે તરફ દોરવાને બદલે પડકારોને આવકારવામાં અને આપણી મુશ્કેલીઓ ઉકેલવામાં મદદ કરશે. છેલ્લાં ચાલીસ વર્ષોમાં પ્રથમ વખત કેટલાક નેતાઓએ શિક્ષણ, આરોગ્ય અને પોષણ જેવા મૂળભૂત ક્ષેત્રોમાં રહેલી સમસ્યાનો સ્વીકાર કર્યો છે અને બીજાં રાષ્ટ્રોએ કામગીરીમાં આપણા કરતાં વધુ સારો દેખાવ કર્યો હોવાનું કબૂલ્યું છે. તાજેતરમાં નવી દિલ્હી ખાતે એશિયા બિઝનેસ કાઉન્સિલ (એબીસી)ની યોજાયેલી મીટિંગમાં એશિયા, યુરોપ અને અમેરિકાથી આવેલા મારા વિદેશી સીઈઓ મિત્રો વડાપ્રધાન મનમોહનસિંઘ, રાહુલ ગાંધી, મોન્ટેકસિંઘ અહલુવાલિયા અને કમલનાથની નિખાલસાથી ઘણા પ્રભાવિત થયા હતા. દરેક બેઠકમાં આપણા નેતાઓ સૌમ્ય, વિનમ્ર અને આત્મવિશ્વાસુ રહ્યા હતા, પોતાની દલીલો રજૂ કરવા માટે તેમણે વિગતોનો ઉપયોગ કર્યો હતો અને કોઈ પણ અતિશયોક્તિ કર્યા વગર ભારતના વિકાસનો વાસ્તવિક ચિતાર આપ્યો હતો. તેમણે ભારતમાં આવકની અસમાનતા હોવાનો અને પાયાની માળખાકીય સુવિધાઓનો અભાવ હોવાનો સ્વીકાર કર્યો હતો તથા પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય અને આશ્રય જેવી બાબતોમાં હજુ ઘણી કામગીરી કરવાની બાકી હોવાનું જણાવ્યું હતું. કેન્દ્રીય મંત્રીઓ સાથેની મારી ચર્ચાના આધારે હું કહી શકું છું કે હવે નેતાઓની માનસિકતામાં પરિવર્તન આવ્યું છે અને અગાઉના જેવી દલીલબાજી તેમનામાં જોવા મળતી નથી. આ એક અસાધારણ યાત્રાની શરૂઆત છે.

કેન્દ્ર સ્તરે આ માનસિકતા અપનાવવાનું વલણ દેખાય છે, પરંતુ હજુ રાજ્યોમાં આવો પ્રસાર થવો પડકારજનક છે.

**પ્રગતિ સાધવી હોય તો આપણે સમસ્યાઓથી ઘેરાયેલા છીએ તે સ્વીકારવું આવશ્યક છે. મારા મતે, આ પ્રગતિ આપણે આપણા અર્થતંત્ર, ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે આપણા શેરબજારોમાં જોઈએ છીએ તેના કરતા વધુ મહત્ત્વની છે. આ મુક્તતા આત્મવિશ્વાસમાંથી જન્મે છે. આપણા નેતાઓ હંમેશા કોઈ પણ સમસ્યાના અસ્તિત્વનો ઈનકાર કરવા ટેવાઈ ગયા છે, ત્યારે આ મુક્તતા આપણને તે તરફ દોરવાને બદલે પડકારોને આવકારવામાં અને આપણી મુશ્કેલીઓ ઉકેલવામાં મદદ કરશે. છેલ્લાં ચાલીસ વર્ષોમાં પ્રથમ વખત કેટલાક નેતાઓએ શિક્ષણ, આરોગ્ય અંગે પોષણ જેવા મૂળભૂત ક્ષેત્રોમાં રહેલી સમસ્યાનો સ્વીકાર કર્યો છે અને બીજાં રાષ્ટ્રોએ કામગીરીમાં આપણા કરતાં વધુ સારો દેખાવ કર્યો હોવાનું કબૂલ્યું છે.**

જોકે, રાજયસ્તરના ઘણા પ્રધાનોમાં પણ પ્રગતિશીલ માનસિકતા જોવા મળે છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી રહી ચૂકેલા અનુક્રમે વિજયારાજે સિંધિયા, ઉમા ભારતી અને બુદ્ધદેવ ભટ્ટાચાર્ય જેવા નેતાઓ રાજ્યકક્ષાના પ્રધાનોની નિખાલસ માનસિકતાનાં ઉદાહરણ પૂરાં પાડે છે. જ્યારે હું કર્ણાટકના મંત્રીઓની નિખાલસ વિચારસરણીની વાત કરું છું. ત્યારે મને ડી. બી. ઈનામદાર નામનું સ્મરણ થાય છે. જ્યારે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, બેંગલોર(આઈઆઈઆઈટીબી)ના બોર્ડ ઓફ ગવર્નર્સ સંસ્થા માટે કાયમી સ્થળની શોધ ચલાવી રહ્યા હતા, ત્યારે ઈનામદાર તે સમયે ઈન્ફર્મેશન ટેકનોલોજી પ્રધાન હતા. પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવાની તેમની નીતિને કારણે આ પ્રશ્ન ઝડપથી ઉકેલાઈ ગયો, નહિતર આઈઆઈઆઈટીબીને આટલું સરસ કામયી રહેઠાણ ન મળી શક્યું હોત. આ જ રીતે, મંત્રી શ્રી એચ. ડી. રેવન્નાની પ્રગતિશીલ નીતિઓ અને ઝડપી નિર્ણય લેવાનાં પગલાંથી 'ઈલેક્ટ્રોનિક સિટી' તેની વીજ-સમસ્યા નિવારવા માટે સબ-સ્ટેશન મેળવી શક્ય હતું.

મારા મિત્ર રઘુનાથ મશેલકર (ભૂતપૂર્વ ડિરેક્ટર જનરલ, કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ) ઘણી વખત કહે છે કે, આપણા દિમાગમાં એક મનસમસ્યા ઉકેલનું પ્રેરક બળ હોય છે. જ્યારે બીજું મન માનસિકતા બની ગયું હોય છે અને આ બંને મન વચ્ચે સતત ઘર્ષણ થયે રાખે છે. મનને હકીકતો પર આધારિત નીડર અને નવતર નિર્ણયો લેતાં માનસિકતા રોકે છે. આપણામાંથી જે વ્યક્તિઓ મનની તરફેણ કરે છે તે વિકાસ સાધે છે. આજે, હું આપણા નેતાઓમાં માનસિકતા કરતાં મનને આગળ કરવાનો અભિગમ ધીમે-ધીમે શરૂ થયેલો જોઉં છું.

આપણા મોટા ભાગના સિનિયર અમલદારોની માનસિકતામાં ફેરફાર થયો છે, પરંતુ નીચેના સ્તરે હજી સુધી આ વલણ વિકસ્યું નથી. ઉદાહરણો દ્વારા આ વાત સમજાવું. શિવશંકર મેનન આપણા વર્તમાન વિદેશ સચિવ છે. મેનન આ દેશના શ્રેષ્ઠ અમલદારોની હરોળમાં સ્થાન પામે છે. તેઓ ઘણા સૌજન્યશીલ છે, મદદ માટે હંમેશાં તત્પર રહે છે અને તેમના ખાતાની કાર્યક્ષમતા સુધારવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. થોડા વર્ષો અગાઉ, સરકારે ૬૪ પાનાંનો પાસપોર્ટ બહાર પાડ્યો હતો, પરંતુ તેને તાત્કાલિક રદ કરીને ૩૬ પાનાંનો પ્રચલિત પાસપોર્ટ જ ચાલુ ગયા વર્ષે મેં મેનનને અવાર-નવાર વિદેશના પ્રવાસે જનારા અમારા જેવા લોકોને સરળતા થાય તે માટે ૨૪૦ પાનાંનો પાસપોર્ટ કાઢવા વિનંતી કરી. જ્યારે આપણે પાસપોર્ટ બદલીએ, ત્યારે ઘણાં દેશમાં નવા વિઝા કઢાવવા પડે છે, ન્યૂઝિલેન્ડમાં પણ આ નીતિ છે. મેં મેનનને






કહ્યું કે, અમારા ઉદ્યોગમાં વિદેશ-પ્રવાસોનું પ્રમાણ વધારે રહેતું હોવાથી ૬૪ પાનાંના પાસપોર્ટનો નિયમ અમારા માટે અગવડભર્યો છે અને ૨૪૦ પાનાંના પાસપોર્ટ માટેનો તમામ ખર્ચ અમે ખુશીથી ઉપાડીશું. ઘણા જ નિખાલસ નેતા હોવાથી તેઓ સંમત થયા અને અમને આવો પાસપોર્ટ તૈયાર કરી આપવાનું વચન આપ્યું. તેમનાં ખાતાના લોકો આ કામ હાથ ધરશે તેવી તેમને અપેક્ષા હતી. થોડા મહિના પછી, મને જણાવવામાં આવ્યું કે બેંગલોરમાં એક સમારોહમાં યોજવામાં આવશે, જ્યાં વિદેશ ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન મને પ્રથમ નવો જમ્બો પાસપોર્ટ આપશે. હું રોમાંચિત થઈ ઊઠ્યો. પણ જ્યારે મેં નવો પાસપોર્ટ જોયો, તો તે પ્રચલિત ૬૪ પાનાંનો પાસપોર્ટ જ હતો. ત્યાં ઉપસ્થિત અધિકારીઓએ જણાવ્યું કે, મંત્રાલયનું પ્રેસ છે તેમાં ૨૪૦ પાનાંના પાસપોર્ટને જોડી શકે તેવું મશીન ન હોવાથી તેવા પાસપોર્ટ તૈયાર કરવો શક્ય નથી !ભારત ચંદ્ર પર ઉપગ્રહ મોકલવાની યોજના ઘડી રહ્યું છે. તેવા સમયે ભારત ૨૪૦ પાનાંને સમાવી શકે તેવું મશીન બનાવી નથી શકતું કે આયાત પણ નથી કરી શકતુ તે આશ્ચર્યજનક છે. મુશ્કેલી વિદેશ મંત્રાલયના નીચેના હોદ્દાઓના લોકોમાં છે. ઉચ્ચ હોદ્દા પરના કર્મશીલ નેતાની પહેલનો તેમનાથી નીચેના હોદ્દાઓના લોકો કેવો રકાસ કરી નાખે છે તે આ ઉદાહરણ પરથી જાણી શકાય છે.

આપણી જૂનવાણી વિચારસરણીનું વધુ એક ઉદાહરણ આપું. ફોર્ચ્યુન-૫૦૦ની યાદીમાં સ્થાન પામતી એક અમેરિકન કંપનીના સીઈઓ નવા દિલ્હીમાં યોજનારી એશિયા બિઝનેસ કાઉન્સિલ (એબીસી)ની બેઠકમાં ભાગ લેવા માટે ભારત વિઝા મેળવવા માગતા હતા. જ્યારે તેમની ઑફિસે તેમના વિસ્તારની ઈન્ડિયન કોન્સ્યુલેટ જનરલની ઓફિસનો સંપર્ક સાધ્યો, ત્યારે તેમના સેક્રેટરીને એવું જણાવવામાં આવ્યું કે, વિઝા મેળવવા માટે તેમણે પોતાનો પાસપોર્ટ ત્રીસ દિવસ માટે ઈન્ડિય કોન્સ્યુલેટને આપવો પડશે ! સીઈઓએ એબીસીના સચિવને જાણ કરી કે તેમણે વારંવાર મુસાફરી કરવી પડતી હોવાથી તેઓ આટલા લાંબા સમય માટે પાસપોર્ટ આપી શકે તેમ નથી અને તેથી તેઓ દિલ્હી ખાતેની એબીસી કોન્ફરન્સમાં હાજર રહી શકશે નહીં. અમેરિકા ખાતેના




આપણા રાજદૂત રોનેન સેનને દિલ્હીના કેબિનેટ મંત્રી પાસેથી આ વાત જાણવા મળી. તેમણે સીઈઓને ફોન કરીને તેમની માફી માગી અને પોતાના સ્ટાફને ઝડપી પ્રક્રિયા કરવાની સૂચના આપી. તેમના ખાતાએ આવશ્યક વિગતો તપાસીને પાંચ વર્ષનો મલ્ટીપલ એન્ટ્રી વિઝા તે જ દિવસે તૈયાર કરી આપ્યો. મેં તે સીઈઓને ભારતનાં ભરપૂર વખાણ કરતા સાંભળ્યા છે. આવાં મોંફાટ વખાણથી એબીસીના સભ્યોમાં ભારતની સારી છબી ઊભી થઈ. એબીસીના આ સભ્યોની કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન ટ્રિલિયન ડોલર કરતાં પણ વધારે છે. આમ, ટોચના અમલદારોએ સરકારી વ્યવસ્થામાં નવો અભિગમ લાવવા માટે અનેક પ્રયત્નો કર્યા હોવા છતાં તેમની નીચેના કેટલાક લોકોએ બદલાયેલી પરિસ્થિતિ સ્વીકારી નથી અને દેશની સારી છબીને ઝાંખી પાડી છે. વડાપ્રધાને ઘણી વખત કહ્યું છે તેમ, જો આપણે સીધું વિદેશી રોકાણ (એફડીઆઈ) વધારે પ્રમાણમાં મેળવવા ઈચ્છતા હોઈએ તો આંતરરાષ્ટ્રીય વ્યવસાયિકો સરળતાથી ભારતની મુલાકાત લઈ શકે તેવી સગવડ ઊભી કરવી જોઈએ.

આપણી સરકારી સંસ્થાઓમાં હજુ તમામ સ્તરે મોકળાશ-તરફી અભિગમ વ્યાપક બન્યો નથી, તેમ છતાં હકારાત્મક સુધારાના ઘણા અનુભવો મને થયા છે. આવાં ઉદાહરણોમાં- આપણા કર્મચારીઓ માટે ઈલેક્ટ્રોનિક સુવિધાથી ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરવા માટે બેંગલોરના ઈન્કમ ટેક્સ વિભાગે શરૂ કરેલી આઈટી સિસ્ટમ, દેશભરમાં આઈટી ઉદ્યોગને ઉત્તેજન આપવા માટે સોફ્ટવેર ટેકનોલોજી પાર્કે કરેલી નોંધપાત્ર કામગીરી, બેંગલોરના કસ્ટમ્સ વિભાગના કાર્યક્ષમ અધિકારીઓ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઓરિસ્સાના સરકારી અધિકારીઓના 'વચન ઓછાં અને કામ વધારે'નો અભિગમ વગેરેનો સમાવેશ થાય છે.

બીજા કોઈ પાસે આપણા કરતા વધારે સારો ઉપાય હોઈ શકે અને આપણે ખોટા હોઈ શકીએ એવી ઉદારતાનું લોકોમાં સિંચન કેવી રીતે કરી શકાય? ઈન્ફોસિસમાં પ્રારંભકાળમાં જ અમે સમજી ગયા હતા કે, મુશ્કેલીઓમાંથી ઝડપથી બહાર નીકળવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે દરેક નવું કામકાજ શૂન્યથી શરૂ કરવું અને તેમાં અગાઉના વહેવારોને વચ્ચે લાવવા નહીં. આવો અભિગમ રાખવાથી આપણા યુવાનોનો લાયકાત અને ન્યાય પ્રત્યેનો વિશ્વાસ વધશે. તેથી જ ઈન્ફોસિસમાં આ કહેવત ઘણી પ્રચલિત છેઃ 'અમને માત્ર ભગવાનમાં જ શ્રદ્ધા છે, બીજા બધાએ તો હકીકતો ટેબલ ઉપર રજૂ કરવી જ પડે.'



પદ્મશ્રી ગુણવંત શાહ
ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત કટાર લેખક

# શિયાળામાં જ સમજાય છે હૂંફનું મહત્ત્વ

શિયાળાની સગી દીકરીનું નામ સ્ફૂર્તિ છે. સ્ફૂર્તિ વિનાનો સમાજ ગરીબીનો રખેવાળ છે. જે કામ એક કલાકમાં પતે તે કામમાં ત્રણ કલાક નીકળી જાય ત્યારે જે વધારાના બે કલાક લાગ્યા તેને કારણે દેશની ગરીબીને નિરાંત રહે છે. પ્રત્યેક ઓફિસના ટેબલ પર જે ચાનો કપ જોવા મળે છે તે કપ કર્મચારીને ઘૂંટડે ઘૂંટડે ગરીબી પિવડાવે છે

પ્રામાણિક માણસ કોને કહેવો? સાવ જ વિચિત્ર જવાબ અમેરિકન રોક મ્યુઝિકના પ્રોડયુસર કિમ ફાઉલે તરફથી પ્રાપ્ત થયો છે. જવાબ સાંભળો:

માત્ર એક જ માણસ
પ્રામાણિક હોય છે,
જે બાથરૂમમાં ગીત ગાય છે.
બાકીના બીજા બધાને
તો વેશ્યા જાણજો.

જગતની બધી ચિંતા છોડીને જે માણસ શિયાળાની સવારનો તડકો માણવામાં મગ્ન હોય તે માણસ અપ્રામાણિક હોય એવો સંભવ ઓછો છે. ગુજરાતનો શિયાળો માંડ ત્રણ મહિના ટકે છે. જો આપણા દેશને સાત-આઠ મહિના જેટલો



લાંબો શિયાળો મળ્યો હોત તો કદાચ આપણી ગરીબી આટલી દઝાડનારી ન હોત. શિયાળો માણસની કર્મશીલતાને સંકોરે છે અને ઉત્પાદકતાને ખો આપે છે. ઉનાળો વસ્તી વધારાને મદદરૂપ થાય છે અને આળસની ખુશામત કરે છે. શિયાળામાં વધારે કામ કરીએ તો પણ થાક નથી લાગતો, જ્યારે ઉનાળામાં કામ ન કરનારને પણ થાક લાગે છે. ગરીબની પિછોડીનાં કાણાં ન પુરાય તે માટે આપણા નેતાઓ પ્રતિબદ્ધ છે. ઉનાળો ગરીબીવર્ધક છે. શિયાળાની સગી દીકરીનું નામ સ્ફૂર્તિ છે. સ્ફૂર્તિ વિનાનો સમાજ ગરીબીનો રખેવાળ છે. જે કામ એક કલાકમાં પતે તે કામમાં ત્રણ કલાક નીકળી જાય ત્યારે જે વધારાના બે કલાક લાગ્યા તેને કારણે દેશની ગરીબીને નિરાંત રહે છે. પ્રત્યેક ઓફિસના ટેબલ પર જે ચાનો કપ જોવા મળે છે તે કપ કર્મચારીને ઘૂંટડે ઘૂંટડે ગરીબી પિવડાવે છે. પશ્ચિમના કોઇ પણ દેશમાં આવી સગવડ નથી હોતી.

આદિમાનવ ચાલતો રહ્યો, બસ ચાલતો જ રહ્યો દોડવાની શોધ ત્યારે થઇ જ્યારે કોઇ ભયને કારણે પલાયન જરૂરી બન્યું. સાપ કે વાઘ પાછળ પડે ત્યારે દોડવું જ પડે. દોડવાની ઘટનાને કારણે માનવ-ઇતિહાસમાં પહેલી વાર ચાલવાની ઝડપ લગભગ ત્રણગણી થઇ ગઇ આવો ઝડપવધારો થયો ત્યારે તો ચક્રની કે અગ્નિની શોધ પણ થઇ ન હતી. ઝડપના આવા વધારામાં સંસ્કૃતિનો ઉમેરો સાઇકલને કારણે શક્ય બન્યો. ટાન્ઝાનિયાના જંગલોમાં આફ્રિકન શ્યામસુંદર લોકો વચ્ચે લાકડાનાં બે ચક્રવાળી 'ગ્રામોદ્યોગી' સાઇકલ નજરે જોવા મળેલી. સાઇકલે શું કર્યું? સાઇકલે દોડવાની ક્રિયાને રોમેન્ટિક બનાવી દીધી. સાઇકલ સાથે જોડાયેલા રોમેન્સના કેન્દ્રમાં એક શબ્દ હતો: 'બેલેન્સ.' પેડલ મારવાની ક્રિયા સાથે દિશા જાળવતું ગવર્નર લય ન કેળવે તો ધબાય નમઃ દોડવાના શ્રમને ઘટાડવામાં સાઇકલે આપેલો ફાળો અમૂલ્ય છે. સાઇકલનો શોધક કોણ? એ મહાન પ્રયોગવીરને નોબેલ ઇનામ કેમ ન મળ્યું?

પશ્ચિમના દેશોની નવી પેઢીએ સાઇકલને લગભગ સ્વજન ગણીને અપનાવી લીધી છે. પશ્ચિમના દેશોનો આકરો શિયાળો પણ સાઇકલની લોકપ્રિયતા પર બ્રેક મારી શક્યો નથી. યુવક અને યુવતી સાઇકલ પર સાથે સાથે જઇ રહ્યા હોય ત્યારે પણ ચુંબન કરવાની મનાઇ નથી હોતી. શિયાળો 'રોમેન્સવર્ધક' ઋતુ છે. નૉર્વેના પાટનગર ઓસ્લોમાં મળેલી શિક્ષણ-પરિષદ વખતે રાતે કોઇ થિયેટરમાં વિખ્યાત નાટક જોવાનું બનેલું. નાટકનું શીર્ષક હતું: 'ધ બાઇસિકલ.' સ્ટેજ પર મુખ્યપાત્રની સાથે જાતજાતની સાઇકલો જોવા મળી હતી. નાયક સાઇકલના પ્રેમમાં પડી ગયો હોય એવા વિષયવસ્તુ પર નાટક રચાયું હતું. શિયાળો આવી પહોંચ્યો છે. સૂની સડક પર જે અંધારું હોય છે તે ઠંડું હોય છે, પરંતુ પાંચ કિલોમીટર સાઇકલ ચલાવ્યા પછી ઠંડી ગાયબ થઇ જાય છે અને સ્ફૂર્તિને કારણે સાઇકલની ઝડપ વધી જાય છે. એ અંધારામાં તમે એકલા જ હો એ જરૂરી નથી. સ્ફૂર્તિ પણ રોમેન્ટિક હોઇ શકે છે. સુખી હોવાની એક શરત છે: 'રોમેન્ટિક સ્ફૂર્તિ.'

શંકરાચાર્ય કહી ગયા: 'બ્રહ્મ સત્યં જગત્ મિથ્યા.' વિનોબાએ આ સૂત્રમાં સુધારો કર્યો અને કહ્યું: 'બ્રહ્મસત્યં જગત્ સ્ફૂર્તિ.' વહેલી સવારે શિયાળો ખરેખરા મૂડમાં હોય છે. પથારી છોડીને ઠંડીના સામ્રાજ્યમાં ચાલવા નીકળી પડેલો માણસ સડક પર નહીં, સ્ફૂર્તિના ઉપવનમાં ચાલી રહ્યો હોય છે. માલદાર માણસની રજાઇ વજનદાર હોય છે, ગરીબ માણસની હલકી પિછોડી કાણી હોય છે. કડકડતી ઠંડીનું જોર વધી પડે ત્યારે શિયાળો બારીની ફાટમાંથી દાખલ થઇ જાય છે. શિયાળો માણસના કાનમાં હળવેકથી એક ખાનગી વાત કહી જાય છે. એ ખાનગી વાતમાં જગતના બધા ધર્મોનો સાર

**પશ્ચિમના દેશોની નવી પેઢીએ સાઇકલને લગભગ સ્વજન ગણીને અપનાવી લીધી છે. પશ્ચિમના દેશોનો આકરો શિયાળો પણ સાઇકલની લોકપ્રિયતા પર બ્રેક મારી શક્યો નથી. યુવક અને યુવતી સાઇકલ પર સાથે સાથે જઇ રહ્યા હોય ત્યારે પણ ચુંબન કરવાની મનાઇ નથી હોતી. શિયાળો 'રોમેન્સવર્ધક' ઋતુ છે. નૉર્વેના પાટનગર ઓસ્લોમાં મળેલી શિક્ષણ-પરિષદ વખતે રાતે કોઇ થિયેટરમાં વિખ્યાત નાટક જોવાનું બનેલું. નાટકનું શીર્ષક હતું: 'ધ બાઇસિકલ.' સ્ટેજ પર મુખ્યપાત્રની સાથે જાતજાતની સાઇકલો જોવા મળી હતી. નાયક સાઇકલના પ્રેમમાં પડી ગયો હોય એવા વિષયવસ્તુ પર નાટક રચાયું હતું. શિયાળો આવી પહોંચ્યો છે.**

આવી જાય છે. પ્રાર્થના કરવા માટે કોઇ પણ સમય એ યોગ્ય સમય છે. આમ છતાં શિયાળાની વહેલી સવારે પથારીમાં બેઠા બેઠા કરેલી પ્રાર્થનાની ગુણવત્તા થોડીક ઊંચેરી હોય છે. ઠંડીમાં થીજી ગયેલી રાતે ફળિયું બિલકુલ શાંત હોય છે. સૂતેલા માણસની પોતાની જ હૂંફને કારણે પથારીનો ગરમાટો શરીરને ભાવતો જણાય છે. ઘરમાં સૌ જંપી ગયા હોવાને કારણે સંસારનો કોલાહલ સાવ ગેરહાજર હોય છે. આવી સુખદ ક્ષણોમાં શિયાળો જે ખાનગી વાત કહે તે જાગી ગયેલા મનુષ્યને સંભળાય છેઃ અન્યને હૂંફ આપનાર મનુષ્ય પોતે પણ હૂંફ પામે છે.

આ ખાનગી વાતમાં બુદ્ધની કરુણા, મહાવીરની અહિંસા અને ઇસુના પ્રેમસંદેશનો બધો સાર આવી જાય છે. શિયાળામાં અને કેવળ શિયાળામાં જ એક વાત સમજાય છે કે જીવનમાં હૂંફ જેવી મૂલ્યવાન ચીજ બીજી જડવી મુશ્કેલ છે. હૂંફના અધ્યાત્મનું રહસ્ય એક મહાન સત્યમાં છુપાયું છેઃ ત્યાગવું એ પણ ભોગવવાનો જ એક પ્રકાર છે. ઇશાવાસ્ય ઉપનિષદના રચનારા ઋષિ દીર્ઘતમસ દુનિયાને એક સૂત્ર આપતા ગયાઃ 'ત્યાગીને ભોગવી જાણો.' આવું મહાન સત્ય કોઇ માતાને શિખવવું નથી પડતું. માતાનો ખોળો પ્રત્યેક સંતાનનું હૂંફતીર્થ હોય છે. સમગ્ર માનવજાત હૂંફના આધારે જીવી રહી છે. માતાની હૂંફ પછી માણસને પ્રિયજનની હૂંફ પ્રાપ્ત થાય એ પણ જરૂરી છે. કહેવાતો લવ-અફેર આખરે તો હૂંફ-અફેર હોય છે. શિયાળો હૂંફના અધ્યાત્મને સંકોરે છે. પ્રિય વાચક શિયાળો ઘરના આંગણામાં આવી પહોંચ્યો છે. એના આશિર્વાદ પામવાનું ચૂકી જવાય એ તો ખોટનો ધંધો ગણાય.'

—પાઘડીનો વળ છેડે

બાળક હતો ત્યારે મને એવું સ્વપ્નું આવેલું કે મારી પાસે એક સાઇકલ હતી જ્યારે મને સાઇકલ મળી, ત્યારે હું લિવરપૂલ શહેરનો અને કદાચ આખી દુનિયાનો સૌથી સુખી માણસ હતો. ઘણા ખરા છોકરાઓ પોતાની સાઇકલને ઘરના વાડામાં રાખતા, પરંતુ હું એમ નહોતો કરતો. હું તો મારી સાઇકલને ઘરમાં જ મૂકવાનો આગ્રહ રાખતો. પહેલી રાતે તો મેં મારી સાઇકલને મારા ખાટલામાં રાખી હતી.

—બીટલ જહોન લેનન




અનુવાદ : સોનલ મોદી


સુધા મૂર્તિ
ચેરપર્સન, ઈન્ફોસિસ ફાઉન્ડેશન, બેંગલુરૂ


# ગમે તે રીતે... નાણાં ફરવા જોઇએ

દિવાળીના દિવસો એટલે ખુશાલીના દિવસો. બધા લોકો એકમેક માટે ભેટસોગાદ લે. ઘેરઘેર દીવા થાય. મઠિયાં-ફાફડા-મગસ, મીઠાઈઓ બને. એકમેકને ઘેર-મિત્રોને ઘેર જવાય. ઑફિસ-દુકાનો પણ ચાર-પાંચ દિવસ બંધ રહે. બાળકો ફટાકડાં ફોડે. સ્કૂલના વેકેશનનો આનંદ માણે. નવાં-નવાં કપડાં અને બૂટ-ચંપલ પહેરી વટ મારે.

આવો જ એક દિવાળીનો સમય હતો. છાપાની એક જાહેરખબરે મારું ધ્યાન ખેંચ્યું. ‘આનંદનિકેતન અનાથ આશ્રમનાં બાળકો દ્વારા બનાવાયેલ મીઠાઈઓ, કોડિયાં અને વિવિધ મીણબત્તીઓનું પ્રદર્શન અને વેચાણ. તા. ૯થી ૧૫ નવેમ્બર. તમારી થોડી ખરીદી, થોડી મદદ કોઈ જરૂરિયાતમંદ બાળકના જીવનમાં દીપ પ્રગટાવશે.’ મેં વિચાર્યું કે, અનાથ



આશ્રમને મદદ કરવાનો આ શ્રેષ્ઠ રસ્તો છે. હું જરૂર થોડું લઈ આવીશ.

બપોરે જ હું 'આનંદનિકેતન આશ્રમ' જઈને ઘણાંબધાં મીઠાઈઓનાં બોક્સ લઈ આવી. ત્યાંથી મારી એક મિત્રને ઘરે ગઈ. મને તો એમ કે લતા દિવાળીના દિવસોમાં ખુશખુશાલ હશે. પણ લતાને મળી તો પરિસ્થિતિ કંઈક જુદી જ લાગી. લતા હાઉસવાઈફ હતી. ક્યારેય નોકરી કરી ન હતી. નાનકડા ગામમાં મોટી થઈને, પરણીને શહેરમાં આવી હતી. તેના બાપુજીની ગામમાં ઘણી જમીનો હતી. ખૂબ કંટાળેલી-થાકેલી અને નિસ્તેજ લાગતી હતી.

મને કહે, 'જવા દે ને... આ દિવાળીથી તો કંટાળી જવાય છે. પહેલાં જેવી દિવાળી જ ક્યાં રહી છે હવે!?' મેં કહ્યું, 'લતા, કેમ આવું કહે છે? શું થયું?'

લતા કહે, 'આપણે નાનાં હતાં ત્યારે તો ગામડે રહેતાં. આપણી ખાવાપીવાની રીત અને આજની શહેરી રીતભાત સાવ જુદી. આપણી બા રોજ દાળ-ભાત-રોટલી-શાક બનાવતી. સાંજે મોટે ભાગે ખીચડી કે રોટલા-શાક હોય. બહુબહુ તો હાંડવો-ઢોકળાં-મૂઠિયાં થાય. આપણા બાપુજી પાસે પૈસો તો ઘણોય હતો. પણ આપણું જીવન સાદું હતું. દહીં, છાશ, દૂધ, રોટલા-ભાખરી. બસ, આ જ ખોરાક. ગરીબ હોય કે તવંગર, બહુ ફરક ન પડે. દિવાળી કે દશેરા હોય ત્યારે જ મીઠાઈ થાય. બહુબહુ તો વરસગાંઠ હોય તો લાપસી રંધાય. તે જમાનામાં આપણે બધાં દિવાળીની ને સપરમા દિવસોની રાહ જોઈને બેસતાં. મીઠાઈ ક્યારે બને ને ક્યારે ખાઈએ?

અને હવે, હવે તો ખાવા-પીવાની ઢબ જ બદલાઈ ગઈ ! મુખ્ય કારણ મને તો એક જ લાગે છે. આપણને બધાંને માંડ એક-બે છોકરાં હોય એટલે આપણું સમગ્ર અસ્તિત્વ બાળકોની ઈચ્છાઓ પૂરી કરવામાં જ સમાઈ જાય છે. છોકરાંઓને જે ભાવતું હોય તે આપણે કોઈપણ રીતે કરી દઈએ. મને નુડલ્સ બનાવતાં નહોતાં આવડતાં, તો ખાસ ચાઈનીઝ લારી પર ઊભી રહીને શીખી, કારણ કે બંને દીકરાઓને બહુ ભાવે છે. હવે તો મુંબઈ-અમદાવાદ-બેંગલોર જેવા મોટાં શહેરોમાં જોઈએ એટલા હોટલો-લારી-ગલ્લા થઈ ગયા છે. છોકરાંઓ પોતાને ભાવતી વસ્તુનો ઓર્ડર કરી દે છે. કોઈપણ આઈટમની ફટાફટ હોમડિલિવરી. મને તો લાગે છે કે, આજકાલનાં છોકરાંઓને એટલે જ તહેવારોની કે સારી સારી મીઠાઈઓની કોઈ લાલચ જ નથી રહેતી.'

**હવે મને સમજાયું, અનાથ આશ્રમનાં બાળકોને તો અંતે મીઠાઈઓ મળતી જ નહોતી. મીઠાઈ બારોબાર વેચાઈ જતી હતી. લતા જેવા ઘણાં લોકો આ બાળકો માટે મીઠાઈનાં, ડ્રાયફ્રુટ્સનાં ખોખાં, દીવડા, મીણબત્તીઓ, કોડિયાં, ઘણું-ઘણું ત્યાં આપી આવતાં હતાં પણ બધીય વસ્તુઓ પર પ્રાઈસટેગ (ભાવનું લેબલ) લાગી જતી અને વસ્તુઓ વેચાઈ જતી. બાળકો તો ઠેરનાં ઠેર. તેમના નસીબે તો સપરમા દા'ડેય સૂકા રોટલા ને રીંગણાનું શાક જ હશે કદાચ.**

લતાની વાત સાચી જ હતી ને ! ખરેખર ખાવા-પીવાની ઢબ તો તદ્દન બદલાઈ જ ગઈ છે — મોટે ભાગે મધ્યમવર્ગ અને ઉચ્ચ મધ્યમવર્ગનાં કુટુંબોમાં. 'દિવાળીનો રસકસ ઊડી જવાનું શું આ એક જ કારણ છે?' મેં લતાને પૂછ્યું.

'ના...ના...' લતાએ કહ્યું. 'લોકોનો આખો દ્રષ્ટિકોણ જ બદલાઈ ગયો છે. હવે કપડાં-બૂટ-ચંપલ બધુંય મધ્યમવર્ગના કુટુંબો પણ જ્યારે જોઈએ ત્યારે ખરીદે છે. દિવાળીની રાહ કોણ જુએ ? વાપરો ને મજા કરો ! આ જો ને, ગયા વર્ષે મારી દીકરીએ નવરાત્રીમાં દિવાળી કરતાંય વધારે ખર્ચો કરી કાઢ્યો. નિતનવાં ચણિયાચોળી, ઓઢણી, દાગીના પહેરવા જોઈએ. એનાં બધાં ફ્રેન્ડ ગુજરાતી છે તેથી તે સર્કલમાં નવરાત્રી જ મુખ્ય તહેવાર થઈ ગયો છે. પહેલાં તો સુધા, આપણા બધાંનાં ઘરોમાં દિવાળીમાં કેવો કેટુંબમેળો જામતો, યાદ છે? હવે તો કોઈ મુંબઈ હોય, કોઈ દિલ્હી. ઘણાં કુટુંબોમાં તો અર્ધાથી વધારે ફોરેનમાં સેટલ થયાં હોય. કોણ કોને મળવા જાય ? સગાં સંબંધીઓને મળવાનુંય શક્ય નથી. ઘણાંને વતન જવું હોય, પણ રિઝર્વેશનોનીય કેટલી હાડમારી પડે છે દિવાળીમાં, નહીં ? એના કરતાં તો ઘરમાં શાતિથી બેસવું સારું'

લતાની વાત સાચી જ છે ને ! મેં પણ વતનના ગામે જવા મહિના પહેલાં ટિકિટો બુક કરાવી હતી.

લતા કહે, 'સુધા, સાચું કહેજે, આપણામાંથી કેટલાંને દિવાળીના તહેવાર પાછળની સાચી વાત, તેનો અર્થ, ખબર હશે ? બસ, દિવાળી એટલે દીવા-પ્રકાશનો તહેવાર. આપણા વેદ-પુરાણોના કાળથી ચાલ્યા આવતા આ તહેવારની સાચી સમજ હવે રહી છે ખરી ? 'બાર ગાઉએ બોલી બદલાય'ની જેમ પ્રાંતે-પ્રાંતે દિવાળી અંગેની એક નવી વાત હોય છે. મહાભારત

અને શ્રીકૃષ્ણ ભગવાનની તેમાં વાતોય આવે, પણ સાચી વાત કેટલાંને ખબર હશે?'

લતાની વાત તો સાચી જ હતી, છતાંય મને થયું....થોડી વાર લતાને લઈને બહાર ફરી આવું. તેને તેનાં ઘર-માતા-પિતા તથા જૂની વાતો યાદ આવી ગઈ હતી. સહેજ 'હોમ સિક' થઈ ગઈ હતી. મેં લતાને કહ્યું, 'ચાલ, રેણું કે મૃદુલાને ત્યાં આંટો મારી આવીએ.' બંને અમારી જૂની ફ્રેન્ડસ છે. કદાચ મિત્રોને મળવાથી લતા મૂડમાં આવી જાય.

પણ લતાએ તો મને નવા સમાચાર આપ્યા. મને કહે, 'રેણું તો આ દિવાળીની ધમાલથી ભાગીને કુટુંબ-કબીલા સાથે ગોવા જતી રહી છે. મોટી કંપનીમાં એચ.આર.ડી. (હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ) ડિપાર્ટમેન્ટની હેડ છે, સંલગ્ન ડિપાર્ટમેન્ટ્સ માટે ભેટ-સોગાદ, ડાયરીઓ, કેલેન્ડરો, મીઠાઈનાં તથા ડ્રાયફ્રુટ્સનાં ખોખાં લેવાં, પેક કરવાં, પહોંચતા કરવામાં બિચારી થાકી જાય છે. દિવાળીના અઠવાડિયા પહેલાં આ બધું પતાવી એવી ભાગે છે કે દિવાળીમાં ક્યારેય ઘરે ન મળે.'

'અને મૃદુલા? ચાલ, તેને ઘેર જઈએ.'

'ના રે, એ તો એના હસબંડની કંપનીના ગેસ્ટહાઉસમાં માયસોર જતી રહી છે. નવું પુસ્તક લખે છે ને એટલે! (અમારી મિત્ર મૃદુલા લેખિકા છે) મને કહીને ગઈ છે, 'લતાડી, તને કહું છું, પણ કોઈનેય કહેતી નહીં કે હું ક્યાં છું. મારે માર્ચમાં નવું પુસ્તક "મેકમિલન" કંપનીને આપવાનું છે. કોન્ટ્રેક્ટ પર સહીસિક્કાય થઈ ગયા છે, હજુ તો વિષય નક્કી નથી કર્યો.' લતા બોલી.

હવે તો આ દિવાળી ઊજવવાનો એક નવો જ નુસખો જોયો. ક્યાં તો સમાજથી ભાગી જવું. ક્યાં તો શાહમૃગની જેમ રેતીમાં ડોકું ખોસી દેવું. સગાંવહાલાંથી સંતાઈ જવું.

હજુ તો લતાનો પ્રકોપ પૂર્ણપણે બહાર નહોતો આવ્યો. મને કહે, 'આ ગિફ્ટાગિફ્ટીના તહેવારોથીય હવે તો થાકી જવાય છે. આ ભેટ-સોગાદની આપ-લે પણ કોઈ કૌભાંડથી કમ નથી. તું માનીશ, મેં તો ગયા વર્ષે આવેલી કેટલીય ભેટનાં પેકિંગ જ હજી નથી ખોલ્યાં. અરે, પેક ને પેક રાખવાનાં ને બીજાંને પધરાવી દેવાનાં અને આ ડ્રાયફ્રુટ્સનાં થર્ડ ક્લાસ પકેટો....ખોખાં મોટા ને વસ્તુ થોડી. "બહાર પીટે મોટું ઢોલ ને ભીતરમાં પોલંપોલ." આ મીઠાઈનાં ખોખાં..એનું કરવું શું ? આપણી પણ હવે ઉંમર થઈ. છોકરાંઓને આ બધું ભાવે નહી અને આપણે વજન વધવાના પ્રોબ્લેમ ! આટલી બધી કેલરીવાળા હાઈકોલેસ્ટ્રોલવાળાં મીઠાઈનાં ગચ્ચાં ખાઈને મારે શું કરવું છે?'

'તો શું કરે છે આનું?' મેં સહજ રીતે પૂછ્યું.

'કરવાનું શું? થોડી મીઠાઈ માણસોને (ઘરનાં નોકર-ચાકરને) આપીએ પછી હું તો બધીયે મીઠાઈ મારી ઘર પાસે આનંદનિકેતન અનાથ આશ્રમમાં આપી આવું છું. બિચારાં બાળકો ખાય.'—લતા.

અરે, આ તો પેલો જ અનાથ આશ્રમ. જ્યાંથી હું સવારે જ ઘણાંબધાં મીઠાઈનાં ખોખાં લઈ આવી હતી. !!

હવે મને સમજાયું, અનાથ આશ્રમનાં બાળકોને તો અંતે મીઠાઈઓ મળતી જ નહોતી. મીઠાઈ બારોબાર વેચાઈ જતી હતી. લતા જેવા ઘણાં લોકો આ બાળકો માટે મીઠાઈનાં, ડ્રાયફ્રુટ્સનાં ખોખાં, દીવડા, મીણબત્તીઓ, કોડિયાં, ઘણું-ઘણું ત્યાં આપી આવતાં હતાં પણ બધીય વસ્તુઓ પર પ્રાઈસટેગ (ભાવનું લેબલ) લાગી જતી અને વસ્તુઓ વેચાઈ જતી. બાળકો તો ઠેરનાં ઠેર. તેમના નસીબે તો સપરમા દા'ડેય સૂકા રોટલા ને રીંગણાનું શાક જ હશે કદાચ.

ખરેખર, નાણું ફરતું રાખવાની આ પણ એક અજીબોગરીબ કરામત છે ને!




**જય વસાવડા**
જાણીતા યુવા કટાર લેખક

# શાળાનું પરિણામ કે જીવનનું પરિણામ....શું સાચું

પરીક્ષાના પરિણામોની સીઝન જોરશોરથી ત્રાટકે ત્યારે શું જોવા મળે?  તેજસ્વી તારલાઓના ફોટાઓ અને એમને ઝટપટ પોતાની છાબડીમાં પૂરવા માંગતી શિક્ષણસંસ્થાઓની તોતિંગ જાહેરખબરોથી અખબારી પાનાઓ હાંફી રહ્યા છે. વાલીઓ અને વિદ્યાર્થીઓ વળી એક એકઝામના રિઝલ્ટ પછી બીજી સ્કુલ કે કોલેજના એડમિશન કે ફોર્મ્સ માટે ધક્કા ખાઈ ખાઈને હાંફી ગયા છે. બધા જ ફટાફટ દોડી રહ્યા છે. રહેમાનનું ગીત યાદ છે? **‘ઈધર દોડ હૈ, ઉધર દોંડ હૈપસબ ભાગમભાગ હૈ, દૌડ હૈપ સબ અગડમ બગડમ દૌડ હૈપ!’’**

જી હા, અગડમબગડમ દૌડ! આમાં કંઈ ‘રન ફોર લર્ન’ કે ‘રન ફોર ફન’ છે, એવા ભ્રમમાં ન રહેવુંપ. આ તો બસ ‘રન, રન, રન’નો જ ખેલ છે! બોર્ડ કે ફાઈનલ ઈયરની પ્રતિષ્ઠિત પરીક્ષાઓના રિઝલ્ટસ આવે કે તરત જ વિદ્વાન વિદ્યાર્થી ગણની ગગનચૂંબી સિધ્ધિઓના ‘ગુણગાન’ (ખરા અર્થમાં ‘ગુણ’ના ‘ગાન’) ગાતી મુલાકાતો, માહિતીઓ અને તસવીરોનો ખડકલો થઈ જાય છે. ‘મેં આમ વાંચ્યુ હતું કે તેમ નોટસ બનાવી હતી.. મારા મમ્મી મધરાતે દૂધ ઉકાળતા ને પપ્પાએ મારા માટે આખું વર્ષ ટી.વી. બંધ રાખેલું પણ હું તો



રિલેક્સ થવા મ્યુઝિક સાંભળતો ને પછી દસ વાર રિવિઝન કરીને કોન્ફિડન્સથી લખી નાખતોપ' દર વર્ષે સંવાદો.. એ જ રહે, માત્ર તખ્તા પર પાત્રો બદલાતા રહે!

તમે ધારો તો કોઈ પણ સફળ સ્ટુડન્ટને મળ્યા પહેલા જ એનો ઈન્ટરવ્યૂ તૈયાર કરી શકો! છેલ્લી લીટી પણ ફિક્સ્ડ જ હોય ડોકટર, એન્જીનીઅર, એમ.બી.એ. સી.એ., એમ.સી.એ, સી.એસ. (હવે કો'ક રડયા ખડયા આઈ.એ.એસ.નું નામ લેનારા પણ ડોકાય છે ખરા!) વગેરે થવાનું સ્વપ્ન (મા-બાપનું કે સંતાનનું?) સાકાર થયું! બધાને હાઈપ્રોફાઈલ હોટ કરિઅર બનાવવી છે. વેલ, એ માનવ સ્વભાવ છે. એમાં કશું ખોટું નથી. પણ આ ઉપર લખ્યા એવી ડિગ્રીના તોરણો બાંધવાથી જ એ ગ્રેડની કરિઅર બની કહેવાય?

**તમે ધારો તો કોઈ પણ સફળ સ્ટુડન્ટને મળ્યા પહેલા જ એનો ઈન્ટરવ્યૂ તૈયાર કરી શકો! છેલ્લી લીટી પણ ફિક્સ્ડ જ હોયપ ડોકટર, એન્જીનીઅર, એમ.બી.એ. સી.એ., એમ.સી.એ, સી.એસ. (હવે કો'ક રડયા ખડયા આઈ.એ.એસ.નું નામ લેનારા પણ ડોકાય છે ખરા!) વગેરે થવાનું સ્વપ્ન (મા-બાપનું કે સંતાનનું?) સાકાર થયું! બધાને હાઈપ્રોફાઈલ હોટ કરિઅર બનાવવી છે. વેલ, એ માનવસ્વભાવ છે. એમાં કશું ખોટું નથી. પણ આ ઉપર લખ્યા એવી ડિગ્રીના તોરણો બાંધવાથી જ એ ગ્રેડની કરિઅર બની કહેવાય?**

એકટર, ડિઝાઈનર, બાયોટેકનોલોજી-એકસપર્ટ, રાઈટર, કોમેન્ટેટર, પેઈન્ટર, સાયન્ટીસ્ટ, સ્પોર્ટસપર્સન, ઈન્ડસ્ટ્રીયલિસ્ટ, જર્નાલિસ્ટ, ટીવી એન્કર, ડિસ્ક જોકી, કર્નલ, એડવોકેટ, મ્યુઝિશ્યનપ. વગેરે થવાની કારકિર્દી શું શરમજનક છે? ઉલટું સમાજની મોટા ભાગની સેલિબ્રિટીઝ તો એ ક્ષેત્રોમાંથી જ આવે છે!, અબ્દુલ કલામ જેવા કોઈ સાઈન્ટીસ્ટ સાદી ડિગ્રી લઈને પણ નેશનલ લેવલ રિસર્ચ એકસપર્ટ થઈ જાય છે! અને હજુ સમાજમાં અજાણી પણ કમાણીમાં કસદાર એવી અઢળક ડિગ્રીઓનો તો આપણે ઉલ્લેખ કર્યો નથી!

મૂળ વાત એ છે કે સ્ટાન્ડર્ડ કરિઅર ચોઈસમાં 'રિસ્ક' અને જોખમ ઓછું હોય છેપ ફિલ્મ કેમેરામેન તરીકે સફળ જવાનો ચાન્સ એક હજારે એક હોય છે, જયારે ડોકટર તરીકે સફળ જવાનો ચાન્સ દસે એક હોય છે. આપણા ખોબલે ખોબલે માર્ક ઉસેડતા દોસ્તો જો ખરેખર જીનિયસ કે આત્મવિશ્વાસથી ઉભરાતા હોય, તો એમણે અનકન્વેન્શનલ (બિનપરંપરાગત) ક્ષેત્ર પસંદ કરી, એમાં પોતાની મેધા કે પ્રજ્ઞા ઝળકાવવાની ચેલેન્જ લેવી જોઈએપ એને બદલે મોટા ભાગે સહુ કોઈ માત્ર કોમર્શિયલ હેતુથી 'સેફ કેરિઅર'નું પૂંછડુ ઝાલી વાહવાહીની વૈતરણી તરી જાય છે!

સખત મહેનતથી ઉંચામાં ઉંચા ગુણાંકે પાસ થતા સ્ટુડન્ટસ બેશક અભિનંદનના અધિકારી છે. એમની ક્વોલિટી કે કક્ષાને ઉતારી પાડવાની આ વાત નથી. પણ કેટલાક અણિયાળા સવાલો એવા છે કે, જે ખુદ એમણે એમની જાતને પણ પૂછવા જોઈએ. આજથી દસ, પંદર કે વીસ વર્ષ પહેલા પણ આવા મહાન ગૌરવવંતા સિતારાઓ હર સાલ ખ્યાતનામ વિભૂતિ બનીને ચમકતા હતાપ એ વખતે વિદ્યાર્થી રહેલા એ તારલાઓ આજે ડોકટર, એન્જીનીઅર, મેનેજર, એકાઉન્ટન્ટ કે ટેકનોક્રેટ બની ચૂકયા હશે. પોતપોતાની પસંદગીના ફિલ્ડઝમાં જામી ગયા હશે. રૂપિયા રળીને સંસાર વસાવી ચૂકયા હશે.

હવે આમાંના કેટલા નામો તમને અત્યારે યાદ આવે છે? એક વખતે જેનો છાપામાં પહેલા પાને હોંશિયાર વિદ્યાર્થી તરીકે ફોટો છપાયેલો, એનું નામ પણ પછી છાપામાં કેટલીવાર ઝળક્યું છે? આ બધા રાજયની શ્રેષ્ઠતમ પ્રતિભાશાળી અને મહામહાવિદ્વાન વ્યક્તિઓ હતી, એવું આપણે સ્વીકારેલુંપ તો પછી આવા છેલ્લા ૨૦ વર્ષના અલગ અલગ એકઝામ્સના ૫,૦૦૦ ટોપર્સમાંથી ઝાઝા નહિ, પણ માત્ર ૫૦ સ્ટુડન્ટસ આગળ

ચાલીને અદ્ભુત ક્રાંતિ કરી નાખનાર ધુરંધરો બન્યા?

એમાંથી એકાદો ન્યૂટન કે એકાદો અંબાણી તો ઠીક, એકાદો હર્ષ ભોગલે કે એકાદી સુનિધિ ચૌહાણ પ્રગટી? મતલબ, આ લોકો જેટલી ખ્યાતિ કોઈએ મેળવી બતાવી? એમાંના કોઈનું જીવન કે પ્રગતિ સમાજમાં આદર્શ તરીકે પેઢીઓ સુધી સ્થાપિત થયું ? એમના 'ગુણ' (માર્કસ)ના ગાન તો ગવાયા, પણ એમના 'ગુણ' (વેલ્યૂઝ)ના ગાન પછી ગૂંજયા? એમાંનું કોઈ 'લીજેન્ડરી અચિવર' યાને દંતકથામય સફળ વ્યક્તિ બની ગયું? ઈન શોર્ટ, એમના નામો અજરઅમર થઈ ગયા? એમના કામોથી દુનિયા મોંમાં આંગળા નાખીને અભિભૂત થઈ ગઈ?

હવે ખરેખર તો આવું કરી શકવાની સહુથી વધુ ક્ષમતા કે લાયકાત કોની હોવી જોઈએ? નેચરલી, આપણા ટોપર્સની! છેલ્લા ૨૦ વર્ષોમાં કોઈ મહાન કે મહાપ્રભાવી કે અતિસફળ કે દંતકથામય વ્યક્તિત્વો આપણે જોયા જ નથી, એવું તો નથીપ આવા સુપરસ્ટાર્સ આવ્યા છે- પણ એમાંનો હીરલો કે હીરલી પેલા 'ગ્રેટ ટોપર્સ કલબ'માંથી ચમક્યા નથીપ ઉલટું પોતપોતાના ક્ષેત્રમાં અસાધારણ વિકાસ કરીને ટોચ પર બિરાજેલી સફળ વ્યક્તિઓમાંની ૯૯.૯૯ ટકા વ્યક્તિઓ અભ્યાસમાં તદ્દન સાધારણ હોય, એવું જ સાબિત થયું છે. પછી એ સચીન તેંડુલકર હોય કે અરૂંધતી રોય!

ખૂબ ઉંચા માર્કસે પાસ થનારા બધા નિષ્ફળ જાય છે, એવું નથી. એ લોકો પોતપોતાના કુટુંબ કે ગામમાં સારી રીતે કમાઈને જીંદગી માણી શકે એ રીતે સેટ કે સકસેસફુલ થઈ જાય છે. પણ એ તો ઘણા બધા માણસો વધુ માર્કસ વિના પણ કરે જ છે. તો પછી આ મહાન ટોપર્સને 'હીરો' કે 'રોલ મોડેલ' કેવી રીતે માની લેવા?

અને જે – તે પરીક્ષામાં સૂંડલા મોઢે માર્કસ મેળવ્યા સિવાય જગત નોંધ લે એવું આંગળીને વેઢે ગણાય તેટલા અપવાદ બાદ કરતાં પેલા માર્કસના માંધાતાઓએ શું કરી બતાવ્યુંપ અરે, મહાન તો ઠીક – એમાંના કેટલાક તો 'માણસો' પણ ન બની શકયા હોય એવું બની શકે! કોઈ તેજસ્વી તારલો પુખ્ત થયા પછી અપ્રમાણિક, લુચ્ચો, ઉધ્ધત અવિનયી, અભિમાની, કે શોષણખોર કે સંકુચિત મનોવૃત્તિવાળો વ્યકિત પણ બન્યો હોય – જે બાબતની નોંધ કદી કોઈ માર્કશીટમાં થતી નથી!

ફરી વાર, જે લોકો સતત અધધધ ગુણો મેળવીને પાસ થાય છે, એમની ક્રેડિટમાં કટ મૂકવાનો અહીં મેસેજ નથી જ નથી. ખરેખર વાંક એ વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓનો પણ નથી વાંક



